Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 20 - Issue : 09

## 'ચરણાશ્રય'

June, 2016



'પ્રભુ, ચરણશરણમાં રાખો રે, પાવલે લાગું,...'

• • • •

'ૐ શરણચરણ લેજો, પ્રભુ, શરણચરણ લેજો,...'

• • • •

'સાહ્યા પ્રભુ, ચરણ તે કદી હું ન છોડું, થાવું કૃપા થકી ભીનું, જ્યમ મેહ રોડું.'

-શ્રીમોટા







પૂજ્ય શ્રીમોટાની પૂજા-અર્ચના-વંદના કરતા સદ્‌ગત શ્રી ડાહ્યાભાઈ દામોદરદાસ જાની. તા. ૧૩-૦૨-૧૯૭૧, અમદાવાદ.

('હરિભાવ'ના સંપાદક શ્રી પ્રભુદાસ જાની અને પૂજ્ય શ્રીમોટાના આદેશથી સ્વજનોમાં ચાર દાયકાથી નામસ્મરણનો 'ચેપ' લગાડી રહેલા શ્રી જયંતીભાઈ જાનીના પૂજ્ય પિતાશ્રી)

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૦ અંક : ૯ જૂન, ૨૦૧૬

## અનુક્રમ

૧. ત્યાગ વધારીએ અને સ્વાર્થ ઘટાડીએ એનું નામ ધર્મ . શ્રીમોટા ૪
૨. જૂન, ૧૯૯૭ની એ ઘટના : 'હરિવાણી'નું
નૈમિત્તિક કાર્ય ........................... પ્રભુદાસ જાની ૫
૩. નિસર્ગોપચારમાં સદાચારનું સ્થાન ...... સ્વામી કૃપાલ્વાનંદ ૬
૪. અહંકાર ત્યજ્યા બાદ જ
ભગવાં ધારણ કરો-શ્રીસાંઈ ........... રઘુનાથ જુન્નરકર ૭
૫. પૂજ્ય શ્રીમોટા રચિત 'જીવનગીતા'ના
લેખન-પ્રકાશન અંગે .................. ડૉ. રમેશ ભટ્ટ ૯
૬. હજી ચમત્કારનો જમાનો ચાલી ગયો નથી ........ શ્રીમોટા ૧૨
૭. શ્રીરામકૃષ્ણ અને ઈસુ ખ્રિસ્ત ............ મહેન્દ્રનાથ ગુપ્ત ૧૫
૮. તૈલંગસ્વામી અને ભાસ્કરાનંદ વિશે ...... સ્વામી સદાશિવ ૧૭
૯. પ્રભુનો પ્રતિનિધિ : પુનિત મહારાજ (૯) ..... નરહરિ દવે ૧૮
૧૦. તટસ્થતા, સમતા અને સાક્ષીપણું, અને
મારા શરીરના રોગો અંગે .................... શ્રીમોટા ૧૯
૧૧. મંગળદાસના રાહબર : શ્રીમોટા (૪) ............. કેસરી ૨૧
૧૨. શ્રીકૃષ્ણની ગહનલીલા-કુબ્જાનો પ્રસંગ ......... ભાણદેવજી ૨૩
૧૩. ગુજારે જે શિર તારે... ............. બાલાશંકર કંથારિયા ૨૪
૧૪. શ્રીગુરુ માહાત્મ્ય : ઉમા મહેશ સંવાદ ..... શ્રીરણછોડદાસજી ૨૫
૧૫. સ્વધર્મ અને પુનર્જન્મ ................. શ્રીઉપાસની બાબા ૨૬

## સૌજન્ય

પૂજ્ય શ્રીમોટાના સ્વજન **શ્રીમતી ઈંદુબહેન જયંતીલાલ પટેલ (મારબલવાળા)**ની જન્મ તા. ૨૨ મે, ૧૯૩૩ નિમિત્તે 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે, તે બદલ તેઓશ્રીને હાર્દિક અભિનંદન સહ એ પરિવાર પ્રત્યે અમો આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

**-સંપાદક**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, (૦૭૯)૨૭૫૪૩૬૯૯**
* Subject to Ahmedabad Jurisdiction

# (૧) ત્યાગ વધારીએ અને સ્વાર્થ ઘટાડીએ એનું નામ ધર્મ

શ્રીમોટા

આપણા સમાજમાં હું તો ઘણે ઠેકાણે ફર્યો છું. ગાઢ જંગલમાં પણ ગયો છું. એવા જંગલમાં પણ રામ અને હનુમાનનાં ચિત્રો પથ્થરોમાં કોતરેલાં નજરે પડ્યાં છે. એવી ભાવના પડેલી છે.

જગતમાં આઘાત અને પ્રત્યાઘાત. Action અને Reactionનો નિયમ છે. આફ્રિકા દેશમાં અને આપણા દેશમાં પણ જે જુલમ થયો છે, તે નાશ નહિ પામે. ભલે અંગ્રેજો એમ સમજતા હોય પણ એનું રાજ, એની સત્તા જ્યારે પડશે ત્યારે સમાજની બહુ બૂરી વલે થશે. ત્યારે સ્વાર્થ એકલો, એ મુખ્ય વાત નથી. પરમાર્થ પણ જરૂરી છે.

આપણે સમાજમાં એકબીજા સાથે સંકળાયેલાં છીએ. સ્વાર્થીના કેવા હાલ થાય છે, એ આપણા શાસ્ત્રકારોએ ઘણા પ્રકારે સમજાવ્યું છે. સ્વાર્થ સાથે પરમાર્થ પણ કરવો જોઈએ. તે પણ સમજીને, દેખાદેખીથી નહિ, પણ એ આપણો ધર્મ છે એમ સમજીને કરીએ. જેમ આપણે પાણી પીએ છીએ પોતાને માટે, એ આપણો ધર્મ છે. એવી રીતે આપણે સમાજને શક્ય તેટલી મદદ કરવી તે પણ આપણો ધર્મ છે.

એક તરફ આપણે સ્વાર્થ ઓછો કરતા જઈએ અને બીજી તરફ સત્કર્મ, સદ્‌વાંચન, સત્સંગ વગેરે વધારતા જઈએ તો એ ફળે છે. રાગદ્વેષ, કામક્રોધ વગેરે હઠ્યા વિના જીવનનો ઉઠાવ નહિ થાય. માત્ર આપણે કથા સાંભળવાં જઈએ, મંદિરે જઈએ, પૂજાપાઠ કરીએ તેથી કંઈ નહિ વળે. સાથે સાથે આપણે સ્મરણ-મનન કરીએ તે વધારે સારું. **સ્મરણમાં બહુ શક્તિ છે. સ્મરણથી રાગદ્વેષ મોળા પડશે** અને ધર્મનું પાલન થશે. **ત્યાગ વધારીએ અને સ્વાર્થ ઘટાડીએ એનું નામ ધર્મ.**

ધર્મવાળું જીવન તેજસ્વી હોય છે, પણ એ જીવન માટેની ભૂખ જાગે નહિ ત્યાં સુધી કાંઈ કશું વળે નહિ. એના માટે રાગદ્વેષ વગેરે ઓછા થવા જોઈએ. એ ઓછા થાય તો કાંઈ થાય.

રાગદ્વેષ મોળા પડી જાય તે પછી ગમે તેટલાં વિઘ્નો આવે, ગમે તેવા સંજોગો આવે, છતાં મનની શાંતિ અખંડ રહે છે. એની મઝા કંઈ ઓર છે. વધુ તો શું કહું ? **મનુષ્યજીવન વિષે વિચારવાની તમારી સદ્‌બુદ્ધિ જાગે એ જ પ્રાર્થના !**

હું પ્રવચન ન રાખું તો મિત્રો વગેરે કોઈ આવે નહિ. આવે તો કાંઈ વાત કરું પણ એમને એમનાં બૈરીછોકરાં પર જેટલો રાગ છે, પૈસાનો જેટલો મોહ છે, તેટલો મારા પર નથી. મારે તો મારો ભગવાન મને મદદ કરી રહ્યો છે. એ અનુભવ થાય છે. પ્રયોગથી વાત સાચી સમજાય છે.

મને સમાજની સેવા કરવાનો અભરખો નથી, પણ એ નિમિત્તે આ તો એણે જ સૂચવેલા પ્રયોગો થઈ રહ્યા છે. ધર્મ માટે ગુણ અને ભાવના પ્રગટે એવા પ્રયત્નો એની કૃપાથી થઈ રહ્યા છે. એવી ઘેલછા કહો તો ઘેલછા, મને પોતાને છે.

‘સ્વજનોને સંબોધન’, પ્ર. આ., પૃ. ૫૪ ❑

## (૨) જૂન, ૧૯૯૭ની એ ઘટના : 'હરિવાણી'નું નૈમિત્તિક કાર્ય

**પ્રભુદાસ જાની**

આબુરાજ અન્નક્ષેત્ર, પાટડીના અધિષ્ઠાતા પૂજ્ય શ્રીદયાનંદતીર્થ-દાસાનુદાસ-બાપજીના સંપર્કમાં આવવાનું સદ્‌ભાગ્ય અમોને માનનીય શ્રી રમેશભાઈ ભટ્ટ સાહેબ દ્વારા પ્રાપ્ત થયું હતું. તેમના દ્વારા પ્રકાશિત પુસ્તિકા 'મળ્યા ફળ્યાની કેડી'ના પાન નં. ૨૦૨-૨૦૩ ઉપર નીચેની વિગતો શ્રી રમેશભાઈએ લખી છે :-

*'સને ૧૯૯૭ના જૂનમાં પૂજ્ય બાપજીએ પ્રભુના આદેશ તરીકે મને સ્થિર અને ચૂપ થવાની આજ્ઞા કરી...*

*...એ આદેશ પછીના દિવસે હું, પ્રભુદાસ જાની સાથે બાપજી પાસે તેમના અમદાવાદમાંના મુકામે ગયેલો. ત્યારે બાપજીએ કહ્યું :-*

*'આમ, મારાથી ભાગ્યે જ 'આમ કરો તેમ કરો' કહેવાય છે, પણ આજે તમને કહેવાનો ઊભરો આવ્યો છે, એટલે કહું છું કે તમે તમામ જવાબદારીનાં કામ કરવાનાં બંધ કરો. એમાંથી છૂટા થઈ જાઓ.' પછી વિગત દર્શાવતાં કહ્યું, 'ટ્રસ્ટી તરીકે, સંપાદક તરીકે, ઘરના વહીવટકર્તા તરીકે બીજે ક્યાંય પણ જવાબદારી લીધી હોય ત્યાં બધેથી નિવૃત્ત થઈ જાઓ.' મેં કહ્યું, 'બાપજી અત્યારથી જ હું બધી પ્રવૃત્તિમાંથી છૂટો થઈશ.'*

*પૂજ્ય બાપજીએ પ્રભુદાસ સામે જોઈને કહેલું કે 'હરિવાણી'ની જવાબદારી આ પ્રભુને સોંપી દો. એ ઉપાડી લેશે. ઘરની જવાબદારી હિરેનને સોંપી દો. તમે કશું જ વિચારવાનું ન રાખો.'*

*આ રીતે બાપજીએ સંપૂર્ણ નિવૃત્ત સ્થિતિમાં મૂકી આપ્યો. તેઓશ્રીની સૂચના પ્રમાણે તા. ૭-૬-૧૯૯૭ના રોજ 'હરિવાણી ટ્રસ્ટ'ના ટ્રસ્ટી તરીકે તથા 'હરિવાણી'ના સંપાદક તરીકે રાજીનામું આપી દીધું....'*

જૂન, ૧૯૯૭ની ઉપરોક્ત ઘટનાને હવે બે દાયકા જેવો સમય થવા જઈ રહ્યો છે. શ્રી રમેશભાઈનાં ટ્રસ્ટી અને સંપાદક તરીકેનાં રાજીનામાં ટ્રસ્ટી મંડળે નાઇચ્છા છતાં સ્વીકારેલ. સાથોસાથ તેમના સ્થાને ટ્રસ્ટી-સંપાદક તરીકે પ્રભુદાસને નિમણૂક આપવાના ટ્રસ્ટી મંડળના પ્રસ્તાવને સ્વીકારવા માટે પ્રભુદાસે તે કામ માટે પોતાની મર્યાદા અને તેથી અનિચ્છા દર્શાવી હતી. પરંતુ એ તો શ્રીહરિનો વ્યક્ત શબ્દ હતો એટલે એ થઈને જ રહ્યું.

પૂજ્ય શ્રીમોટાએ એક સ્વજનને કહેલું કે તેમના ત્યાં દાસાનુદાસજી આવશે. એ ઘટનાને પોતે જ આવ્યા છે એમ ગણજો. પૂજ્ય શ્રીમોટાનું आत्मकथन-'ભગતમાં ભગવાન'ના સદ્‌ગ્રંથનું સર્જન પાટડીના એ આશ્રમમાં થવા પામ્યું હતું.

પ્રભુદાસ જાનીએ શ્રીહરિદત્ત નિમિત્ત સ્વરૂપે 'હરિવાણી ટ્રસ્ટ'ના ટ્રસ્ટી તરીકે વહીવટી જવાબદારી ઉપરાંત, 'હરિભાવ'ના સંપાદક તરીકે જે સેવાઓ આપી છે, એમાં શ્રીહરિનો પ્રબળ સાથ-સહકાર અને ટેકો અનુભવાયો છે અને તે જ કારણે સ્વજનોનો અને વિશાળ વાચકવર્ગનો પણ પૂર્ણ સહયોગ મળી રહ્યો છે.

તા. ૩-૬-૧૯૩૩, પ્રભુદાસની જન્મ તારીખ હોઈ હવે જૂન, ૧૯૧૬માં તેઓ ૮૪મા વર્ષમાં જ્યારે તે પ્રવેશ કરી રહ્યા છે ત્યારે શરીરની મર્યાદાઓની રીતે સ્વરપેટીની તકલીફના કારણે ઉચ્ચારણમાં અને શ્રવણશક્તિમાં પણ મર્યાદા અનુભવાય છે. 'હરિભાવ'ને લગત કોઈપણ પ્રશ્ન અંગે અમારા સાથી શ્રી સુરેશભાઈ વૉરાનો જ સંપર્ક કરવા 'હરિભાવ'માં જે લખાય છે તે આ જ કારણોસર છે. સર્વેને હરિઃૐ. ❑

# (૩) નિસર્ગોપચારમાં સદાચારનું સ્થાન

**યોગાચાર્ય સ્વામી કૃપાલ્વાનંદ**

વ્યક્તિના મનમાં જેવા વિચારોનો સંગ્રહ હોય છે, તેવા આચારો જન્મે છે. આ જ વાત બીજા શબ્દોમાં કહીએ તો **મનુષ્ય પોતે જ પોતાના ભાગ્ય અથવા દુર્ભાગ્યનું નિર્માણ કરે છે.**

રોગ, નિરાશા, દુઃખ તથા ચિંતાના વિચારો કરીને મનુષ્ય સ્વયં રોગી, નિરાશી, દુઃખી તથા ચિંતાતુર બને છે. જો આશા, સુખ, આરોગ્ય તથા નિશ્ચિંતતાના વિચારો કરવામાં આવે તો મનુષ્ય અવશ્ય આશાવાન, સુખી, નીરોગી તથા નિશ્ચિંત બની શકે છે. મનુષ્યને આની જાણ હોવા છતાં અશુભ વિચારોનો તે ભોગ થઈ પડે છે, કારણ કે તેનામાં વિવેકશક્તિનો અભાવ હોય છે અથવા અશુભ વિચારો પ્રબલ હોય છે, ઉપરાંત, તેનામાં સંયમનો અભાવ હોય છે.

મનમાં કુવિચારોને પેસવા ન દેવા એ સંયમનું પહેલું સોપાન છે. મનોગત કુવિચારોને યુક્તિપૂર્વક બહાર કાઢવા એ સંયમનું બીજું સોપાન છે. સુવિચારને પ્રવેશવા માટે મનના સમસ્ત દ્વારોને ઉઘાડાં રાખવાં એ સંયમનું ત્રીજું સોપાન છે અને મનોગત સુવિચારો કોઈ પણ દ્વારમાંથી નીકળી ચાલ્યા ન જાય એ સંયમનું ચોથું સોપાન છે.

સંયમી મનુષ્યો જ મહાનતા પ્રાપ્ત કરી શકે છે. સંયમમાં બે શબ્દ છે સમ્ અને યમ. સમનો અર્થ છે સમ્યક અને યમનો અર્થ છે નિયંત્રણ. સમ્યક નિયંત્રણ તે સંયમ. ઇંદ્રિયોનો નિગ્રહ તે માત્ર નિયંત્રણ અને મન સહિત ઇંદ્રિયોનો નિગ્રહ તે સંયમ. જેનો મનરૂપી અશ્વ લગામ વિનાનો છે, તેનું જીવન ભય અને દુઃખની અનંત પરંપરા જ છે.

આપણી નિકટ રહેનારાં સ્વજનોને જો આપણે આપણા દુરાચારોથી દુભાવીશું તો તે સ્વજનો મટી પરજનો બની જશે. અતિઆહાર, અતિજાગરણ, અતિશય ભોગવાસના, વાણીનો અસંયમ તથા ઇંદ્રિયોનો અને મનનો અસંયમ વધારતા જઈશું તો આપણે દુરાચારી જ કહેવાઈશું.

કામ, ક્રોધ, ઇત્યાદિ દુરાચારોમાંથી આપણે માત્ર ક્રોધની જ સંક્ષેપમાં ચર્ચા કરીએ તો કેટલીક વ્યક્તિઓએ ક્રોધ કરીને સમગ્ર જીવનને નિષ્ફળ બનાવ્યું છે. ક્રોધથી મનુષ્ય ઉન્મત્ત થઈ જાય છે અને ન કરવાનાં કાર્ય કરી બેસે છે. એક મનુષ્યના જીવનમાં જેટલાં દુઃખો હોય છે તેનો અર્ધો ભાગ ક્રોધથી ઊપજેલો હોય છે. **ક્રોધથી શરીરનું એકેએક અણુ અતિ શ્રમિત થઈ જાય છે.** તેના કારણે અસંખ્ય રોગો માટે મોટાં મોટાં પ્રવેશદ્વારો ઊઘડી જાય છે. શરીરનું સમગ્ર નાડીતંત્ર અને મસ્તિષ્ક એટલાં તો નિર્બળ બની જાય છે કે તેમના પર નિયંત્રણ કરી શકાતું નથી. ક્રોધના કારણે ક્રૂરતાની માત્રા વધી જવાથી કોમળતા વિનાશ પામે છે.

દુરાચારની માઠી અસર જાણ્યા પછી પણ જો આપણે આપણા આચાર-વિચારને નિયંત્રણમાં ન રાખી શકતાં હોઈએ તો આપણે

**(અનુસંધાન પૃ. ૧૯ પર)**

## (૪) અહંકાર ત્યજ્યા બાદ જ ભગવાં ધારણ કરો : શ્રીસાંઈ

રઘુનાથ જુન્નરકર

સંન્યાસી જેવા ભગવાં વસ્ત્રો પહેરવાવાળાં અને આધ્યાત્મિક વિજ્ઞાનના સિદ્ધાંતોને આત્મસાત્ કરવાની ઈચ્છા રાખતા હરિદ્વારના એક મહાત્મા સ્વામી રામદેવે સાંઈબાબાની ખૂબ જ ખ્યાતિ સાંભળી હતી. એમણે બાબાને રૂબરૂમાં મળવાનો નિશ્ચય કર્યો.

હિમાલય ઉપર જઈ આવ્યા હોવાથી સ્વામી રામદેવે અનેક સાધુ, સંતો, મહંતો, યોગીઓ, વૈરાગીઓ અને મહાપુરુષોનાં દર્શન કર્યાં હતાં. તેમાંથી કેટલાક તો નિઃવસ્ત્ર રહેતા હતા. કેટલાક ફક્ત વાઘનું ચામડું જ ધારણ કરતા તો કોઈ ગુફાઓમાં, કોઈ આશ્રમોમાં, કોઈ મંદિરમાં, કોઈ ઝૂંપડામાં રહેવાવાળા હતા. તેઓ હરિદ્વારથી શિરડી તરફ રવાના થયા.

મનમાડ સ્ટેશનથી ગાડી બદલી તેઓ કોપરગાંવ આવ્યા, જ્યાં તેમની મુલાકાત કેટલાક એવા લોકો સાથે થઈ, જેઓ ખુદ શિરડી જ જતા હતા. શિરડી એક તીર્થક્ષેત્ર બની ગયું હતું. ત્રણચાર ભક્તોએ એક ઘોડાગાડી કરી તેમાં સ્વામી રામદેવને પણ પોતાની સાથે લીધા.

કોપરગાંવ શહેરની બહાર ગોદાવરી નદી ઉપરથી તેઓ પસાર થઈ રહ્યા હતા. ગોદાવરી દક્ષિણની ગંગા ગણાય છે. સ્વામીએ સ્નાન કરવાનું નક્કી કર્યું. અન્ય ભક્તોને સાંઈદર્શનની ઉતાવળ હતી છતાં તેઓ પણ રોકાયા. સ્વામીએ સ્નાન કરીને પાસેના દત્તાત્રેયના મંદિરમાં દર્શન કર્યાં. તે બાદ શિરડીની યાત્રા શરૂ કરી.

ઘોડાગાડીમાં બેઠેલા ભક્તો સાંઈના પેટભર વખાણ કરતા હતા. સ્વામી પ્રથમ વખત જ જતા હતા. ભક્તો સાંઈનો જયકાર કરતા અને શિરડીની દિશામાં બે હાથ ઊંચા કરી પ્રણામ કરતા.

મસ્જિદની ખૂબ ઊંચે લહેરાતો સફેદ રંગનો ઝંડો સ્વામીની નજરે પડ્યો. એ જોઈને સ્વામી મનોમન વિદ્રોહી બની ગયા. ઝંડાને એક પ્રદર્શન તરીકે ગણ્યું. સાંઈ ઉપર આલોચનાત્મક પ્રહારો શરૂ કરતાં ભક્તોએ સ્પષ્ટતા કરી કે સાંઈબાબાને આ ઝંડાથી કોઈ જ હેતુ કે પ્રયોજન નથી. સાંઈભક્તોએ શ્રદ્ધાની નિશાની રૂપે તે ઝંડો ગોઠવ્યો છે. એક ભક્તે કહ્યું કે જો તમે ઝંડાથી આટલા વ્યથિત થતા હોવ તો પછી બાબાના શ્યામસુંદર ઘોડાને જોઈને તો તમારા કેવા હાલ થશે ? આ ઘોડો પણ ભક્તોએ જ આપ્યો છે. એટલું જ નહિ, ભક્તો, બાબાને પાલખીમાં બેસાડી સરઘસ પણ કાઢે છે.

રામદેવ સ્વામીના મગજનો પારો આ બધું સાંભળીને ખૂબ ઊંચે ચડી ગયો. 'એક સાધુનો વરઘોડો ? સરઘસ ? શું સાંઈબાબા પોતાની જાતને કોઈ મહારાજા સમજે છે.' ઘોડાગાડી અહીં જ ઊભી રાખી દો. મને હવે ઊતરી જવા દો, મેં અત્યાર સુધી કેટલાય આવા પાખંડી જોયા છે. આટલું બોલતાં બોલતાં ચાલુ ઘોડાગાડીએ રામદેવ સ્વામી નીચે ઊતરી પડ્યા. તેમના પગમાં મચકોડ આવ્યો અને એક ચીસ પાડીને સડક ઉપર બેસી પડ્યા.

બાકીના લોકો સાંઈદર્શન માટે જતા હોઈ સ્વામીજીને સડક ઉપર છોડી જવાનો વિચાર કરતા હતા પણ સાંઈનો ઉપદેશ યાદ આવ્યો કે મુશ્કેલીમાં આવેલાને મદદ કરો, એવાઓની

સેવા કરો. એટલે સ્વામીને મૂકીને જઈશું તો સાંઈની સર્વવ્યાપકતાના કારણે તેમના ક્રોધનો સામનો કરવો પડશે. એટલે જેમતેમ કરીને સ્વામીને ઘોડાગાડીમાં બેસાડ્યા. રામદેવ સ્વામીના પગે કળતર ને સોજો વધતો જતો હતો. શિરડી પહોંચ્યા ત્યારે તો તે હાથીના પગ જેવો થઈ ગયો હતો. છતાં સ્વામીએ સાથીદારોને કહ્યું કે મારા કારણે તમોને સાંઈદર્શનમાં મોડું થાય છે એટલે મને પણ તમારા ખભા ઉપર બેસાડી મસ્જિદમાં લઈ જાવ.

બાબા એ લોકોની સામે જોયા વિના એમની શૈલીમાં ગણગણવા લાગ્યા. 'લો, સંન્યાસી અહીં આવી ગયા, પણ તેમને નજીક ન લાવશો. ઝંડા ફાડીને ફેંકી દેશે એ, જે મને ખૂબ વહાલો છે.' ખરેખર તો બાબા એ સમયે એક નાના છોકરાના પગમાં કેન્સરથી થયેલા ઘા ઉપર ધીમા હાથે ઉદી લગાવી રહ્યા હતા. વળી પાછા બાબા બોલવા લાગ્યા કે 'એક સાધુ સંન્યાસીને ભગવાં વસ્ત્ર પહેરવાની શી જરૂર છે ? શું ભગવાં વસ્ત્ર પહેરે એટલે ભગવાન મળી ગયા ? એક સાધુને ઘોડાની કે સરઘસની શી જરૂર છે ? સાધુ કે સંન્યાસીએ ત્રણ માણસના ખભા ઉપર બેસીને પણ શા માટે સરઘસ કાઢવું જોઈએ.'

બાબાનો બડબડાટ ચાલુ રહ્યો, પણ તેમનો હાથ તો બાળકના ઘા ઉપર ફરતો હતો. બાબાની સર્વજ્ઞતા જાણીનેસ્વામીના અભિમાનનો ઝંડો નીચે ઊતરી ગયો. સ્વામીના પગમાં ભયંકર પીડા થતી હતી. પેલા બાળકનું દર્દ બાબાએ નાબૂદ કરી દીધું હતું એ સ્વામીએ જાતે જોયું હતું. એટલે એક સાથીદારને સ્વામીએ ધીમા અવાજે કહ્યું એટલે એણે, બાબાને અરજ રજૂ કરી-'બાબા ! આ સ્વામીજી ઘોડાગાડીમાંથી પડ્યા એટલે પગમાં ઘણી મોટી ઈજા થઈ છે ! બાબાએ તરત જવાબ આપ્યો કે, 'ના, ના ! કૂદી પડ્યા હતા. આ આધ્યાત્મિક આનંદના સ્વર્ગમાં કૂદી પડવાને બદલે અભિમાનના ખાડામાં કૂદી પડ્યા.'

સ્વામીએ હવે જાતે બાબાને કહ્યું, 'બાબા! મને ક્ષમા કરી દો. મારાથી ઘણી ભૂલ થઈ ગઈ છે.'

બાબા, 'ના, ભૂલ તમારી નથી, એ તો તમારાં વસ્ત્રોની ભૂલ છે. **અહંકારરૂપી વસ્ત્રને ફેંકી દીધા બાદ જ ભગવાં વસ્ત્રનો પોષાક સંન્યાસીએ પહેરવો જોઈએ.** આ ભગવાં વસ્ત્રો અભિમાન છોડવામાં ક્યાંય મદદ નથી કરી શકતાં. અભિમાનને ત્યાગવા માટે તમારે તમારી આસક્તિઓનું બલિદાન કરવું પડે છે. પૂરેપૂરો અનાસક્ત વ્યક્તિ જ આધ્યાત્મિક રસ્તા પર ચાલી શકે છે. આવી બધી વાતોને યાદ રાખો, હવે જાવ, આરામ કરો.'

એક સાથીદારે બાબાને ફરી યાદ કરાવ્યું કે સ્વામીજી ચાલી શકતા જ નથી. બાબા, 'કેમ? પગને શું થયું છે ? તેઓ ખોટા રસ્તે ચાલ્યા એટલે દુઃખ ઊભું કર્યું. એમને સાચા રસ્તે ચાલવાનું કહો, એટલે એ બિલકુલ સારા થઈ જશે.'

ત્યાર પછી સાથીઓની જોડે સ્વામીજી ઉતારા પર ગયા. ત્યાં સુધીમાં એમના પગની પીડા બિલકુલ મટી ગઈ, દર્દ બંધ થઈ ગયું અને આનંદ કરવા લાગ્યા. હવે અહીંથી તેમની આધ્યાત્મિક યાત્રા શરૂ થઈ ગઈ.

'મસ્જિદમાં પ્રગટ્યા સાંઈ', પ્ર. આ., પૃ. ૧૬૫

ગુજરાતી ભાષાંતર, શ્રી આર. જી. પંચાલ ❑

## (૫) પૂજ્ય શ્રીમોટા વિરચિત ‘જીવનગીતા’ના લેખન-પ્રકાશન અંગે

ડૉ. રમેશ ભટ્ટ

પૂજ્ય શ્રીમોટા રચિત ગ્રંથોમાં ‘જીવનગીતા’નું સ્થાન અનોખું છે. એનું પ્રકાશન પોતે જાતે ચહીને કર્યું નથી. સને ૧૯૨૩થી સાધના કરતાં કરતાં સને ૧૯૩૨ સુધીમાં જે ‘જીવંત સમજણ પ્રગટેલી’ એ વખતે શ્રીમદ્ ભગવદ્‌ગીતા વાંચવાનો સંયોગ ઊભો થયો હતો.

સને ૧૯૩૨માં પૂજ્ય શ્રીમોટા નવસારીના હરિજન આશ્રમના સંચાલક તરીકે હતા. એ જ વર્ષમાં પૂજ્ય શ્રીમોટાને વીસાપુર જેલમાં પૂરવામાં આવ્યા. ત્યાં તેઓશ્રીએ પહેલી જ વાર ગીતા વાંચવાનું શરૂ કર્યું. પહેલાં દરેક અધ્યાય એ કેટલીક વાર વાંચી જતા અને પછી એ અધ્યાયમાંનો વિચાર વિવરણરૂપે ‘અનુષ્ટુપ’ છંદમાં લખી લેતા. આ રીતે અધ્યાયવાર તેઓશ્રી લખતા ગયા. આ લખાણ ‘એક બે વખત વાંચતાં’ સમજી શકાય એવી સરળ ગુજરાતીમાં લખ્યું.

પૂજ્ય શ્રીમોટા વિરચિત ‘જીવનગીતા’ એ ‘ગીતા’નું સમશ્લોકી ગુજરાતી ભાષાંતર નથી. વળી, એમાં ભાષ્ય કે ટીકા-વિવેચન પણ નથી. પરંતુ ગીતાના તત્ત્વજ્ઞાનનું સરળ ગુજરાતીમાં નિરૂપણ છે. આથી, ગીતાના કેટલાક શ્લોકોને રહેવા દીધા છે, તો કેટલુંક યોગ્ય સમજણ વિશેષપણે પ્રગટાવવાને ઉમેર્યું પણ છે. આ દૃષ્ટિએ ‘જીવનગીતા’ એક સ્વતંત્ર મૌલિક ધર્મગ્રંથ બન્યો છે.

સને ૧૯૩૨માં વીસાપુર જેલમાં પૂજ્ય શ્રીમોટાએ ‘જીવનગીતા’ લખી. એ જ વર્ષમાં શ્રી વિનોબા ભાવેએ પણ જેલમાં ‘ગીતા પ્રવચનો’ મરાઠી ભાષામાં આપ્યાં. શ્રી વિનોબાજી વેદ, ઉપનિષદ, ગીતા આદિ શાસ્ત્રોના ઊંડા અભ્યાસી હતા. એ પ્રવચનોનું પુસ્તક પણ પ્રગટ થયું. એના પરથી ગુજરાતી ભાષામાં અનુવાદ પણ થયો. ગુજરાતનાં ઘણાં ઘરોમાં આ પુસ્તક પહોંચ્યું અને ઘણું લોકપ્રિય-લોકભોગ્ય બન્યું. એમાં એમની તેજસ્વી બુદ્ધિ-પ્રતિભાના ઝબકારા છે.

પૂજ્ય શ્રીમોટાએ લખેલી ‘જીવનગીતા’માં પોતે કરેલી ‘જીવનસાધનાના અભ્યાસમાંથી જે જીવંત સમજણ પ્રગટેલી’ તેનાં દર્શન થાય છે. બીજું તેઓશ્રીએ ‘ગીતા’નો અભ્યાસ ક્યારેય કર્યો ન હતો. આ રીતે વિદ્યાર્થીઓને એક-બે વખત વાંચવાથી સમજાય એવા હેતુથી માત્ર પહેલી જ વાર ‘ગીતા’ વાંચેલી અને એ પછી ક્યારેય વાંચી નથી. આ હકીકત ‘જીવનગીતા’ની રચનાના સંદર્ભમાં અત્યંત મહત્ત્વની છે.

એ ‘જીવનગીતા’ લખાયા પછી મોટાએ પોતાનાં બા-સૂરજબાને કહેલું કે, બા, એક જણે ગીતાજી લખ્યાં છે. તું સાંભળ, એમ કહીને એ જીવનગીતાના એક બે અધ્યાય વાંચી સંભળાવેલા. સાંભળ્યા પછી સૂરજબાએ કહેલું કે એમને સમજાયું છે.

હવે એના પ્રકાશનનો ઇતિહાસ જોઈએ :- સને ૧૯૩૨માં લખાયેલી ‘જીવનગીતા’નું પ્રકાશન સને ૧૯૫૩માં થયું. **એકવીસ વર્ષ લગી હસ્તપ્રત જળવાઈ રહી.** એટલું જ નહિ

પણ ત્યાં સુધી કોઈને આવો ગ્રંથ લખાયો છે તેની જાણ પણ ન કરાઈ. શ્રીમોટાએ સંયમ અને ગુપ્તતાની અજોડ શક્તિ કેળવેલી એનો આ પુરાવો છે.

'જીવનગીતા'નું પ્રકાશન હાથ ધરાય એ પહેલાં વેદોના અભ્યાસી અને શાસ્ત્રોમાં પારંગત શ્રી વિષ્ણુદેવ પંડિતને હસ્તપ્રત વાંચવા આપી. શ્રી વિષ્ણુદેવે 'જીવનગીતા' પ્રકાશિત કરતા પહેલાં દરેક અધ્યાયના આરંભમાં જે તે અધ્યાયનો મર્મ સૂચવાય એ રીતનું ગદ્યલખાણ લખવા તથા કેટલાક મહત્ત્વના શ્લોકોની ભૂમિકા સમજાય એવી પ્રસ્તાવનાવાળું લખાણ ઉમેરવા સૂચવ્યું. મોટાએ એ પ્રમાણે 'જીવન-ગીતા' તૈયાર કરી. આ પ્રકારે 'જીવનગીતા'ની પહેલી આવૃત્તિની ૫૦૦ નકલ ૧૯૫૩માં પ્રગટ થઈ.

એ બધી જ નકલો ખપી ગયેલી. શ્રી ગુલાબરાય મંકોડીએ 'જીવનગીતા' વાંચી. આ પુસ્તક એમને સમજવામાં સરળ અને ભાવ-અર્થવાહી લાગ્યું. લોકોપરાક દૃષ્ટિએ એનું પુનર્મુદ્રણ થાય એમ ઇચ્છ્યું. સને ૧૯૬૭માં ડાંગના જંગલમાં-મહાલમાં મોટા, આરામમાં અને એકાંતમાં હતા ત્યારે 'જીવનગીતા' ફરી વાંચી, વિચારીને એમાં કેટલુંક ઉમેરણ કર્યું. એમાં 'સંગ્રામનો હેતુ', 'પામે તે આત્મપ્રેરણા', 'જીવન વિકાસક અંગો', 'મનાષ્ટક' તથા 'આહાર' વિશે, 'દિલનો ભાવ' 'રમે જે નિત્ય મારામાં'-વગેરે ઉમેરાયાં. બીજી આવૃત્તિના લેખકના 'બે બોલ'માં શ્રીમોટાએ વિગતે ઉલ્લેખ કર્યો છે. શ્રી મંકોડી સાહેબનો આ પ્રકાશનમાં સહકાર મળેલો.

'જીવનગીતા'ની બીજી સંવર્ધિત આવૃત્તિની પ્રસ્તાવના ગુજરાત રાજ્યના એ વખતના મુખ્ય સચિવ શ્રી લલિતભાઈ આર. દલાલ પાસે લખાવી હતી. આ બીજી આવૃત્તિની પાંચ હજાર નકલ માત્ર એક વર્ષમાં વેચાઈ ગઈ. આ એક આગવી ઘટના હતી.

સને ૧૯૭૧માં ત્રીજી આવૃત્તિ પ્રગટ કરતાં પહેલાં ફાજલપુરના ફાર્મ હાઉસમાં શ્રીમોટાએ 'જીવનગીતા'ને તદ્દન નવું જ રૂપ આપ્યું. એમાં ગીતા વિશે, 'વિકાસક વર્તન', 'ગુણ નિરૂપણ', 'પરિણામતણી આશા' વિશે શ્લોકો લખ્યા. આ ત્રીજી આવૃત્તિની ૨૦૦૦ નકલો છપાયેલી જે પાંચ વર્ષ દરમિયાન વેચાઈ ગઈ.

'જીવનગીતા'ની ચોથી આવૃત્તિ પ્રેસમાં જાય એ પહેલાં શ્રીમોટાએ એમાં બીજા ૬૦૦ શ્લોકનું ફૂટનોટ રૂપે ઉમેરણ કર્યું. આ આવૃત્તિનું નિવેદન તા. ૫-૨-૧૯૭૬ના રોજ લખાયું છે.

'જીવનગીતા'ની ચોથી આવૃત્તિ (૧૨૫૦ નકલ) એ 'જીવનગીતા'ની અધિકૃત સંશોધિત, સંવર્ધિત આવૃત્તિ બની રહી. આ આવૃત્તિના પ્રકાશન પછી શ્રીમોટાએ પાંચ મહિના પછી દેહત્યાગ કર્યો.

'જીવનગીતા'ના લેખન-પ્રકાશનનો ઇતિહાસ શ્રીમોટાના અન્ય ગ્રંથોના પ્રકાશનના સંદર્ભમાં મૂલ્યવાન દસ્તાવેજ છે. **'જીવનગીતા' સિવાયના કોઈપણ પુસ્તકના પુનર્મુદ્રણમાં ક્યાંય ઉમેરણ કે ફેરફાર શ્રીમોટાએ કર્યો નથી.**

બીજી, ત્રીજી અને ચોથી આવૃત્તિમાં થયેલું ઉમેરણ એ સંશોધનાર્થે થયાનું શ્રીમોટાએ નોંધ્યું

છે. ચોથી આવૃત્તિનું પ્રકાશન એ 'જીવનગીતા'નું પૂર્ણરૂપ છે. ખાસ ખ્યાલમાં રહેવું ઘટે કે 'જીવનગીતા' એ ભગવદ્‌ગીતાનો સમશ્લોકી અનુવાદ નથી. એમાં 'ગીતાનો મૌલિક મર્મ' પ્રગટ થયો છે. શ્રીમોટાએ ગીતા કે શાસ્ત્ર વાંચ્યાં નથી, પરંતુ ઉત્કટ અને નિરંતર સાધનાથી જે અનુભવ પામ્યા અને એ અનુભવ પણ જેમ જેમ વિકાસ પામતો ગયો તેમ તેમ 'જીવનગીતા'માં પૂર્તિરૂપે ઉમેરાતો ગયો. આ અર્થમાં 'જીવનગીતા' એ શ્રીમોટાના અનુભવ-વિકાસની પ્રમાણગાથા છે.

'જીવનગીતા', સાતમી આવૃત્તિમાંથી સાભાર સંકલન ❑

## ગયેલા આત્માને...

પૂજ્ય શ્રીમોટાના સ્વજન અને 'હરિવાણી ટ્રસ્ટ'ના સદ્‌ગત ચૅરમૅનશ્રી લક્ષ્મીપ્રસાદ અમીનના પુત્ર **શ્રી મીનેષકુમાર**નો ૬૫ વર્ષની વયે અમદાવાદ મુકામે તા. ૨૬-૫-૨૦૧૬ના રોજ દુઃખદ દેહાંત થયો છે.

શ્રીહરિ ગતાત્માનું સર્વ પ્રકારે યશ-કલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે. -સંપાદક

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી ઇંદુબહેન જયંતીલાલ પટેલ (મારબલવાળા)ની જન્મ તારીખ ૨૨ મે, ૧૯૩૩ નિમિત્તે | અમદાવાદ | ૧૧,૦૦૦/- |
| ૨. | પૂજ્ય શ્રીમોટાના પ્રેમી એવાં દંપતી તરફથી | અમદાવાદ | ૫,૧૦૦/- |
| ૩. | એક સેવક (એપ્રિલ, મે, જૂનની ભેટ) | અમદાવાદ | ૩,૦૦૦/- |
| ૪. | જગદીશભાઈ સી. મારફતિયા | મુંબઈ | ૨,૫૦૦/- |
| ૫. | સદ્‌ગત બંધુ રવિરાજની પુણ્ય સ્મૃતિ નિમિત્તે હસ્તે જૈનિકાબહેન પ્રતાપસિંહ મહીડા | ભરૂચ | ૨,૫૦૦/- |
| ૬. | એક સ્વજન | મુંબઈ | ૨,૦૦૦/- |
| ૭. | એક સ્વામીજી | – | ૧,૦૦૧/- |
| ૮. | સદ્‌ગત પિતાશ્રી ઈશ્વરભાઈ શિવાભાઈ પટેલની પુણ્યતિથિ (૨-૬) નિમિત્તે હસ્તે અરવિંદભાઈ | નરોડા | ૧,૦૦૧/- |
| ૯. | સદ્‌ગત ધર્મપત્ની આનંદીબહેનની ચોથી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે ઠાકોરભાઈ મોહનલાલ વ્યાસ | નરોડા | ૧,૦૦૧/- |
| ૧૦. | શ્રીમતી કુસુમબહેન અશોકભાઈ પટેલ તેમના અમેરિકા નિવાસી પૌત્રી ચિ. પ્રેયસી નિકેશ પટેલના જન્મદિન (૩૦-૫) નિમિત્તે | નરોડા | ૧,૦૦૧/- |
| ૧૧. | રતિલાલ વિશ્વનાથ જાની | પેટલાદ | ૧,૦૦૧/- |
| ૧૨. | શાંતિલાલ નરસિંહભાઈ પટેલ જન્મદિન નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૧/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **-સંપાદક**

## (૬) હજી ચમત્કારનો જમાનો ચાલી ગયો નથી

શ્રીમોટા

*('જીવન પોકાર'ની પ્રથમ આવૃત્તિમાં જે ઘટનાઓ અંગે **'એક સાધુ મહાત્મા'** એ પ્રકારે જ્યાં ઉલ્લેખ છે તે મહાત્મા કોઈ નહિ પણ પૂજ્ય શ્રીમોટા ('આ જીવ') હતો તેનો સ્પષ્ટ ઉલ્લેખ 'જીવન પોકાર'ની બીજી આવૃત્તિના પ્રકાશનમાં થયો છે. 'હવે જીવનના છેલ્લા આરે છું, ત્યારે મારે તો શ્રીપ્રભુકૃપાથી છતાં થવું એમ હૃદયમાં હૃદયથી લાગવાથી આટલો યોગ્ય ખુલાસો કર્યો છે.' એમ શ્રીમોટાએ લેખકના બે બોલમાં લખ્યું છે. **નોંધ :** આ લખાણમાં ભાઈ એટલે પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી સદ્ગત શ્રી નંદુભાઈ, બહેન એટલે શ્રી નંદુભાઈનાં પત્ની સદ્ગત શ્રીમતી કાંતાબહેન, મોટી બા એટલે શ્રી નંદુભાઈનાં બા, સદ્ગત જેઠીબા અને સિદ્ધાર્થ એટલે- નંદુભાઈનો પુત્ર. સ્વજનો આ વિગતથી વાકેફ છે. છતાં જેઓને જાણ ન હોય તેમના પૂરતી આટલી સ્પષ્ટતા કરી છે. -**સંપાદક**)*

(૧)

એક સાધુપુરુષના આશ્રમમાં મહેમાન આવવાના હોવાથી એક બહેનને રસોઈ કરવાને તેમણે કહ્યું. વૈષ્ણવ આચારવિચારને કારણે તેની શરીરની સ્થિતિ રસોઈ કરવાને યોગ્ય ન હતી, પરંતુ પ્રભુકૃપાથી તરત તેની શરીરની સ્થિતિ પહેલાંના જેવી યથાવત્ સંપૂર્ણ શુદ્ધ થઈ ગઈ. જો હૃદયમાં પ્રેમભક્તિ પ્રકટી હોય છે, તો અદ્ભુત, આશ્ચર્ય પમાડે એવા પ્રસંગમાં શ્રીભગવાનનો સૂક્ષ્મ કૃપાહાથ પ્રત્યક્ષ તે જોઈ શકે છે.

(૨)

હિમાલયની યાત્રામાં શ્રીબદરીનાથનાં દર્શને જવાનું હતું ને...બહેન તો માસિકમાં હતાં. વૈષ્ણવ આચારવિચારવાળાં મોટીબા સાથે હતાં. હવે દર્શને કેમ કરીને જવાય ? આટલે સુધી આવ્યાં અને દર્શન ન કરી શકાય તે પણ ઠીક લાગતું ન હતું.

શ્રીભગવાને કૃપા કરી અને... બહેનની એવી દશા ટાળી દીધેલી અને દર્શન કરી શકેલી.

(૩)

અમે બધાં હિમાલયની જાત્રાએ જતાં હતાં.... બહેન હંમેશાં મારી સાથે વહેલી સવારે પગપાળા મુસાફરીમાં નીકળી પડતી. રસ્તામાં સાથે એક મહાત્મા હતા. કેટકેટલી વાર માથે વરસાદ પડતો હોય ને તે મહાત્મા, મોટેથી આપણાથી સાંભળી શકાય એવી રીતે ને એવા સાદે, અમે સ્થળે પહોંચીએ ત્યાં સુધી વરસાદ અટકી જવાની પ્રાર્થના કરતા હતા. કાનોકાન પ્રત્યક્ષ સાંભળેલી હકીકત છે. આશરે છ-સાત વાર તો આવું બનેલું. મહાત્માની પ્રાર્થનાથી વરસાદ પડતો અટકી જતો.

(૪)

એ જ મહાત્મા અમારી સાથે યાત્રામાં હતા. રસ્તામાં ચાલતાં ચાલતાં....બહેનને શરીરમાં ચૂંક આવતી હશે. શેકની ઘણી જરૂર હતી. અમારી સાથે રસોઇયો હતો. સળગી શકે એવાં

લાકડાં એકઠાં કર્યાં. તેની કને દીવાસળી હતી. તે બધી તેણે પેટાવી જોઈ-બધી જ ખલાસ થઈ ગઈ. પરંતુ દેવતા ન સળગ્યો તે ન જ સળગ્યો.

તે મહાત્મા મોંથી ધમણની પેઠે મંડ્યા ફૂંકવા. ઘણી વાર સુધી એમ તેમણે ફૂંક્યા જ કર્યું, ને પ્રભુકૃપાથી દેવતા સળગ્યો. આને ચમત્કાર કહેવો કે શું કહેવું ?

આવી બાબતના કંઈ એક બે બનાવ નથી. એવા બનાવની હારમાળા છે. એમ હોવા છતાં તેનાથી ચેતવાપણું કોણ કરી શકે છે ?

(૫)

તે જ સાધુપુરુષ અમારી સાથે હિમાલયમાં હતા. જે સ્થળે અમારે પહોંચવાનું હતું તે સ્થળ હજી અઢી માઈલ દૂર હશે. થોડો થોડો વરસાદ પડ્યા કરતો હતો. પડતા વરસાદમાં અમે એટલું ચાલ્યા કર્યું. માથે પડતો વરસાદ અનુભવી રહેલાં છીએ, ને તે સ્થળે અમે પહોંચ્યાં ત્યાં સુધી વરસાદ પડ્યા જ કરતો હતો તેમ છતાં તે સ્થળે અમે પહોંચ્યાં ત્યારે અમારાં કપડાં કોરાં હતાં ! અમે કંઈ માથે છત્રી જેવું ઓઢ્યું ન હતું.

આ હકીકત હવે જ્યારે આ કાગળો છપાવવાનું બનશે, ત્યારે છપાવા દેવાનો છું. એટલે બીજા જીવોને પણ સમજણ પડે કે **હજી ચમત્કારનો જમાનો ચાલી ગયો નથી.** જેને જેને ખાતરી કરી લેવી હોય તે તેમને મળીને તેમ કરી લઈ શકે છે, પણ એની એક શરત રાખવાનો છું. નકામા નકામા કોઈ આવીને પૂછ્યા ન કરે તે કાજે એવી શરત. આ હકીકત મેળવવાને કાજે છે કે જે કોઈ આપણાં પ્રકટ કરેલાં પુસ્તકોના બે સેટ વેચાતા લે, તેને જ તે હકીકતની માહિતી મળી શકે.

(૬)

હજી અમારી સાથે તે સાધુપુરુષ હિમાલયમાં હતા. એકવાર પૂજ્ય મોટીબાની પાલખી ગબડેલી. તે પોતે પણ (જોકે તે તો પાલખીના સ્થળેથી ઘણે દૂર દૂર આગળ હતા) ગબડ્યા ને બોલ્યા કે, ‘આજે તો બાની પાલખી પડી, ને બા ને બધાં બચી ગયાં.’ તે મહાત્માએ પોતાના પર તેવું લઈ ન લીધું હોત તો કદાચ વધારે મોટો અકસ્માત થયો હોત. આ પ્રસંગના પણ અમે સાક્ષીઓ છીએ.

(૭)

એકવાર હિમાલયમાં રસ્તે ચઢતાં ચઢતાં.... બહેનને ભારે થાક લાગ્યો. ને તે તરસ તો એવી કે કંઠમાં જાણે કાંટા ભોંકાતા હોય તેવું લાગ્યા કરે. એક ઠેકાણે ભેખડની છેક નીચે ઊંડે પાણીનો મોટો વેકળો વહેતો હતો. ઊતરવું ઘણું ઘણું કઠણ ને જોખમકારક હતું.

તે સાધુપુરુષે તો શ્રીભગવાનની તે વેળા અંતઃકરણથી પ્રાર્થના કરી. અંતે, પોતે પાણી લેવા કાજે નીચે ઊતરવાની તૈયારી કરી. જેવાં પોતે ડગલાં ભરવા માંડતા હતા, ત્યાં અચાનક એક છોકરો એકદમ બહુ પાસે જ પાણી લઈને ઊભેલો દેખાયો ને....બહેનને પાણી આપ્યું. તે બહેને પેટ ભરીને પાણી પીધું, પોતે તૃષાથી તૃપ્ત થઈને પાછું વળીને જુએ છે, તો તે છોકરો દેખાયો જ નહિ.

રસ્તો સીધો-દૂર સુધી જતાં પણ દેખી શકાય એવો હતો. નીચે ખીણમાં ઊતરે કરે તો તે પણ જોઈ શકાય તેવું હતું. ગમે તેમ થયું, પણ પાણી પ્રભુકૃપાથી મળ્યું તે હકીકત કંઈ જેવી તેવી હકીકત નથી.

આવું બધું લખવાનું કારણ તો એ છે કે હજી પણ આવા લોકો પડેલા છે. આ કાળમાં આવી હકીકતોનું સાચાપણું લોક માનતા નથી. તો તે વિશે શ્રીપ્રભુકૃપાથી જો કોઈક જીવને લાગવાપણું બની શકે તો તેમ બની શકે, એવા સમજણપૂર્વકના હેતુથી આવી બધી હકીકત લખી છે, ને છપાવા પણ દીધી છે.

(૮)

હિમાલયની યાત્રાએ અમે નીકળ્યાં ત્યારે હરદ્વારમાં ભાઈ સિદ્ધાર્થના શરીરને ઘણા ઝાડા થયા. ત્યાં દાક્તરને બતાવેલું ને દવા પણ લીધેલી. તે અમદાવાદ હતો ત્યારથી દવા શરૂ કરેલી. પણ દવાથી ઝાડા કંઈ મટતા ન હતા. તેવે સમયે આપોઆપ એમ ઉચ્ચારાયું કે 'આવતી કાલે તો આપણી હિમાલયની પગપાળા યાત્રા શરૂ થવાની ને સિદ્ધાર્થને હજી ઝાડા બંધ થયા નહિ ! તેનું શરીર સાજું હોત તો ઘણો આનંદ પડત.' ત્યારે ભાઈએ કહ્યું કે 'ત્યારે એને સાજો કરી દોને ?'

કોણ જાણે શી ઘટના બની તે તો એકલો શ્રીપ્રભુ જાણે. તે જ વખતથી તેના શરીરને સારું થયું, પરંતુ તેની જે પીડા હતી અને રોગ હતો તે તો કોક ભોગવતું હતું.

ઉપર જણાવેલા સાધુ પુરુષ અમારી સાથે હતા. રસ્તામાં તેને ઘણી વાર ઝાડા થાય. વારે ઘડીયે લેંઘો છોડવો ન પડે એટલા માટે તે લેંઘાની સિલાઈ એવી રીતે કરાવેલી કે પાછળથી બટન છોડી દે એટલે તે ભાગ ખુલ્લો થઈ જાય. એમ કેટલીયે વાર તેમનું દિશાએ જવાનું થતું, અને તેઓને તે કામથી પરવારતાં બિલકુલ વાર લાગતી નહિ. તેથી...બહેનને વહેમ ગયો કે કદાચ આ ખાલી ખાલી તો ન હોય ! પણ તે બોલેલાં નહિ, મનમાં ને મનમાં એવી વૃત્તિ તેમને થયેલી. તેથી તેમણે તે બહેનને બોલાવીને તેમનો મળ બતાવ્યો. આટલું શરીરે ભોગવતા હોવા છતાં તેની અશક્તિ શરીરને ન હતી અને હિમાલયમાં તેમનાથી ચઢવાનું નિરાંતે બની શકતું.

આવું બધું લખવાની પાછળ બીજો એક એવો પણ હેતુ છે કે જેથી સાચી રીતે હૃદયની ભાવનાથી મથનાર જીવ જીવન પ્રકટાવવામાં પ્રાર્થનાના રહસ્યનું કેટકેટલું ઉપયોગીપણું છે તે પોતે સમજે ને પ્રાર્થનાનો જ્ઞાનભક્તિપૂર્વક અંતરમાં અંતરથી આશ્રય લે.

**પ્રાર્થના જેવું ચેતનવંતું ને બળવાળું બીજું કોઈ સાધન નથી.** જીવનવિકાસની સાધનામાં હૃદયથી કરાયેલી પ્રાર્થના ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. કિંતુ જીવની કેવી પરમ લાચારી છે કે એને પ્રાર્થનાનું શરણું લેવાનું કદી પણ સૂઝતું નથી. કોઈક જીવ પ્રાર્થના કરે છે તો તે પણ કેવી લૂલી લૂલી !

'જીવનપોકાર', બી. આ., પૃ. ૨ અને ૬૪ ❑

## (૭) શ્રીરામકૃષ્ણ અને ઈસુ ખ્રિસ્ત

મહેન્દ્રનાથ ગુપ્ત

આજ શુક્રવાર, ઑગસ્ટ ૨૮, ઈ.સ. ૧૮૮૫. પ્રભાત થયું. ઠાકુર ઊઠીને માતાજીનું ચિંતન કરે છે. અસ્વસ્થ હોવાને અંગે ભક્તો ઠાકુરના શ્રીમુખેથી પેલું મધુર નામસ્મરણ સાંભળી શક્યા નહિ. ઠાકુર પ્રાતઃવિધિ પતાવીને ઓરડામાં પોતાના આસને આવીને બેઠા છે. મણિને કહે છે કે 'વારુ મને આ ગળાનું દરદ શા માટે થયું ?'

**મણિ :** જી, માણસની પેઠે બધું ન થાય તો જીવોને હિંમત આવે નહિ. તેઓ જુએ છે કે આપના શરીરમાં આટલું દર્દ છે, છતાંય આપ ઈશ્વર સિવાય બીજું કશું જાણતા નથી !

**શ્રીરામકૃષ્ણ :** (સહાસ્ય) બલરામે પણ કહ્યું કે આપને જ જો આમ, તો પછી અમને તો કેમ ન થાય ? સીતાના શોકથી રામ ધનુષ્ય ઉઠાવી ન શક્યા એ જોઈને લક્ષ્મણ નવાઈ પામી ગયા, પરંતુ **'પંચભૂતમાં પડે ત્યારે બ્રહ્મ સુધ્ધાં રડે.'**

**મણિ :** ભક્તનું દુઃખ જોઈને ઈસુ ખ્રિસ્ત પણ સાધારણ માણસની જેમ રડ્યા હતા.

**શ્રીરામકૃષ્ણ :** શું થયેલું ?

**મણિ :** માર્યા ને મેરી બે બહેનો અને લેઝેરસ નામે તેમનો ભાઈ. એ ત્રણે ભાંડુ ઈસુ ખ્રિસ્તનાં ભક્ત. એમાં લેઝેરસનું મૃત્યુ થયું. ઈસુ તેમને ઘેર આવતા હતા. રસ્તામાં એક બહેન મેરી દોડતી જઈને ઈસુને પગે પડી અને રડતાં રડતાં બોલી, 'પ્રભુ તમે જો આવી પહોંચ્યા હોત તો એ મરત નહિ !' તેનું રુદન જોઈને ઈસુ રડ્યા હતા.

ત્યાર પછી ઈસુ લેઝેરસની કબર પાસે જઈને તેનું નામ લઈને બોલાવવા લાગ્યા. તરત લેઝેરસ જીવતો થઈને ઊઠી આવ્યો !

**શ્રીરામકૃષ્ણ :** પરંતુ મારાથી એ બધું થાય નહિ.

**મણિ :** એ તો તમે કરતા નથી, જાણી જોઈને એટલે. એ બધી તો સિદ્ધિઓ, ચમત્કારો છે, એટલે આપ કરતા નથી. એ બધી કરવાથી લોકોનું દેહમાં જ મન રહે, શુદ્ધ ભક્તિ તરફ મન જાય નહિ. એટલે આપ એવા ચમત્કારો કરતા નથી. બાકી, **આપની સાથે ઈસુ ખ્રિસ્તનું ઘણુંય મળતું આવે છે.** આપ ભક્તોને ઉપવાસ કરવાનું કે બીજી કોઈ કઠોરતાવાળું તપ કરવાનું કહેતા નથી. ખાવાપીવા સંબંધેય કોઈ કઠિન નિયમ નહિ. ઈસુના શિષ્યોએ રવિવારે ઉપાવાસ ન કરતાં ભોજન કરેલું એટલે જૂનું યહૂદી શાસ્ત્ર માનીને જેઓ ચાલતા તેઓએ તેમનો તિરસ્કાર કર્યો હતો. ઈસુએ કહ્યું કે તેઓ ખાશે, પીશે અને આનંદ કરશે. **જેટલો વખત વરરાજાની સાથે હોય તેટલો વખત જાનૈયા આનંદ જ કરે.** અવતારની સાથે હોય ત્યાં સુધી અવતારના સાંગોપાંગ ભક્તો કેવળ આનંદ જ કરવાના. અવતાર જ્યારે સ્વધામે ચાલ્યા જશે ત્યારે તેમના નિરાનંદના દિવસો આવશે. જી, આપ જેમ કહો છો કે જે યુવકોની અંદર કામિની-કાંચન પેઠાં નથી, તેઓ ઉપદેશની ધારણા કરી શકે. જેમ નવી હાંડલીમાં દૂધ રાખી શકાય તેમ. દહીં જમાવવાની હાંડલીમાં

દૂધ રાખવાથી દૂધ બગડી જવાનો ભય. ઈસુ પણ એમ જ કહેતા કે જૂની બાટલીમાં નવો દારૂ રાખવા જાઓ તો બાટલી ફાટી જવાનો ભય ખરો. આપ જેમ કહો છો કે, 'મા અને હું એક' ઈસુ પણ એમ જ કહેતા કે 'પિતા અને હું એક' I and my Father are one.

આપ જેમ કહો છો કે, 'આતુર થઈને ઈશ્વરને સ્મર્યે, એ સાંભળવાનો જ !' તેમ ઈસુય કહેતા કે આતુર થઈને દરવાજે ધક્કો મારો તો દરવાજો ઉઘાડવામાં આવશે.

Knock and it shall be opened unto you.

'શ્રીરામકૃષ્ણ કથામૃત', પુનર્મુદ્રણ ૧૯૮૩, પૃ. ૧૬૯
અનુવાદક : સ્વામી ચૈતન્યાનંદ ❑

**ગયેલા આત્માને...**

પરમ પૂજ્ય શ્રીરંગ અવધૂત-પરિવારના શ્રી જનાર્દનભાઈ બી. ભટ્ટનો ગાંધીનગર મુકામે તા. ૧૭-૫-૨૦૧૬ના રોજ ૮૫ વર્ષની વયે દેહાંત થયો છે.

સરકારી ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થયા બાદ તીર્થાટનો, સાધુસંતોના સંપર્ક અને તેમના સત્‌સાહિત્યના સેવનમાં સદ્‌ગતશ્રીએ સમયનો સદુપયોગ કર્યો હતો.

'હરિભાવ' પ્રત્યેના સદ્‌ભાવથી પ્રેરાઈ તેના સંપાદક સાથે વખતોવખત રૂબરૂ સત્સંગ કરી સદ્‌ગ્રંથોની આપ-લે કરતા હતા. સંતોની વાત કરતી વખતે તેમના કોમળ હૃદયનો ભાવ નયનાશ્રુમાં વ્યક્ત થતો હતો.

આવા ઉન્નમુખી આત્માને શ્રીહરિ ઊર્ધ્વ માર્ગે પ્રેરે એવી પ્રાર્થના છે. -સંપાદક

**નિસર્ગોપચાર...****(અનુસંધાન પૃ. ૬ નું ચાલુ)**

ઉન્નતિની આશા છોડી જ દેવી જોઈએ.

જે આચરણ દ્વારા ભય, ગ્લાનિ, મનની મલિનતા, પ્રમાદ, કાયરતા, લોભ, મોહ, ક્રોધ, ઈર્ષ્યા, વિષયવાસના ઇત્યાદિ મનોવિકારો નિરંકુશ બની જાય છે અને અનિચ્છનીય ક્રિયાઓ જન્માવે છે તેનો સમાવેશ દુરાચરણમાં કરાય છે. જે આચરણ દ્વારા નિર્ભયતા, આનંદ, સત્ત્વસંશુદ્ધિ, જ્ઞાન, સ્ફૂર્તિ, અક્રોધ, નિર્મોહ, પ્રેમ, નિર્વિકારપણું ઇત્યાદિ મનોવૃત્તિઓ જન્મે છે અને ઇચ્છનીય ક્રિયાઓ ઉત્પન્ન કરે છે તેનો સમાવેશ સદાચરણમાં કરવો જોઈએ. સદાચરણનો જનક સત્ત્વગુણ અને દુરાચરણનો જનક રજોગુણ તથા તમોગુણ છે.

આપણે જેટલા પ્રમાણમાં આત્માભિમુખ બનીશું તેટલા પ્રમાણમાં દૈવીગુણો પ્રાપ્ત કરી શકીશું. તેનાથી વિપરીત જેટલા પ્રમાણમાં આપણે માયાભિમુખ બનીશું તેટલા પ્રમાણમાં આસુરી ગુણોવાળા બનીશું.

સદાચારમાં બે શબ્દ છે. 'સત્‌' અને 'આચાર'. 'સત્‌' શબ્દ સર્વેશ્વર શ્રીહરિનો વાચક છે અને 'આચાર' શબ્દ વર્તનનો વાચક છે. જેવા વર્તનથી સર્વેશ્વર શ્રીહરિની સંપ્રાપ્તિ થાય તેવા વર્તનનું નામ સદાચાર. સદાચાર વ્યક્તિને આત્માભિમુખ કરે છે અને દુરાચાર માયાભિમુખ. સદાચારી મનુષ્ય નિરંતર આત્મ-નિરીક્ષણ કરતો રહે છે, તેથી કુવિચારો અને દુરાચારોથી બચી જાય છે.

સત્સંગ વિના સદ્‌વિચારો અને સદ્‌વિચારો વિના સદાચાર જન્મતો નથી.

'આસન અને મુદ્રા', બીજી આ., પૃ. ૫૧૬ ❑

## (૮) તૈલંગસ્વામી અને ભાસ્કરાનંદ વિશે

**સ્વામી સદાશિવ**

Heart (હૃદયમાં) એક સેન્ટર છે, ત્યાં જ આત્મા છે. એને શરીરથી તૂટી ન જાય એ રીતે ધીમે ધીમે છૂટો પાડવાનો છે. આ કઠણ કામ છે. એ રીતે **એક નાનું સરખું પણ કર્મ બાકી રહી જાય તો આત્મા શરીરથી છૂટો ન પડે. કર્મમાં એટલી બધી શક્તિ છે.** એક કર્મ બાકી હોય તો આત્માને આ શરીરથી પૃથક્ થવા ન દે. દેવા વગરનો જે માણસ છે એ સદા સુખી થઈ જાય છે.

ગુરુમહારાજ લક્ષ્મણગીરીના અવસાન વખતે મહારાજનો ફોટો આવ્યો ન હતો. ફોટામાં આજુબાજુની વસ્તુઓ-દીવો બધું જ આવે, પણ મહારાજનો ફોટો આવ્યો ન હતો. ફોટોગ્રાફરને આ બાબતની ખબર નહિ. એને તો એમ જ કે એની પોતાની ક્યાંક ભૂલ હશે. એણે કોઈ ચાર્જ લીધો ન હતો.

ક્ષણ માત્રમાં અંતર્ધ્યાન અને ક્ષણ માત્રમાં આવિર્ભાવ થવાની સિદ્ધિ હોય છે. એ વ્યાપક આકાશ તત્ત્વ થઈ જાય તો આકાશ તત્ત્વને કંઈ attach ન થઈ શકે...તૈલંગસ્વામીમાં પણ આવું થયું હતું. એમનો ફોટો કૅમેરામાં આવ્યો જ નહિ. પછી પ્રાર્થના કરી, ત્યારે એમણે ફોટો લેવા દીધો.

કાશીમાં તે સમયે બે સિદ્ધો હતા, તૈલંગ સ્વામી અને ભાસ્કરાનંદ-દંડીસ્વામી. તૈલંગસ્વામી ગંગા નદીને કિનારે રહેતા હતા અને ભાસ્કરાનંદ કાશીનરેશના મકાનમાં રહેતા હતા. રામકૃષ્ણના વાર્તાલાપમાં આનો ઉલ્લેખ છે.

તૈલંગસ્વામી નગ્ન અવસ્થામાં રહેતા હતા. કોઈ ખાવા આપે તો ખાય નહિ તો પડ્યા રહે. કલાકો સુધી ગંગા નદીમાં ડૂબકી લગાવીને પડી રહે. તેઓ નગ્ન અવસ્થામાં વસ્તીમાં આવતા હોવાથી અંગ્રેજોએ વાંધો લીધો. તૈલંગ સ્વામીએ અંગ્રેજોના વાંધાને ગણકાર્યો નહિ એટલે એમને પકડીને જેલમાં પૂરવામાં આવ્યા. ત્યાંથી અણુ સ્વરૂપ ધારણ કરીને નીકળી ગયા. ત્રણ વખત આ પ્રમાણે બન્યું. પછી અંગ્રેજોએ એમને છોડી મૂક્યા. એમની સિદ્ધિ જોવા અને બદનામ કરવા અંગ્રેજોએ એમને જમવાનું આમંત્રણ આપ્યું અને શરત મૂકી કે અમો જે ખાઈએ છીએ તે તમને આપીશું. તૈલંગ-સ્વામીએ હા પાડતાં ભોજન સમયે માંસ પીરસવામાં આવ્યું, પણ માંસ ગુલાબનાં ફૂલ બની ગયાં જે તૈલંગસ્વામી ખાઈ ગયા.

ત્યારબાદ તૈલંગ સ્વામીએ કહ્યું કે હવે મારો વારો છે. જે હું ખાઉં છું એ તમો પણ ખાઓ. અંગ્રેજો કબૂલ થયા. તૈલંગસ્વામીએ પોતાની શક્તિથી વિષ્ટા ઉત્પન્ન કરીને પોતે ખાવા માંડી અને અંગ્રેજોને ખાવા માટે કહ્યું. ત્યારથી અંગ્રેજોએ રોકટોક બંધ કરી અને એમને મનસ્વી રીતે ફરવા દીધા.

ભાસ્કરાનંદ દંડીસ્વામી પણ આવા જ હતા. આફ્રિકાની લડાઈમાં જીત મેળવીને આવેલ એક અંગ્રેજ દંડીસ્વામી આગળ ડંફાસ મારવા લાગ્યો. દંડીસ્વામીએ એક પેન્સિલ મંગાવી, જમીન ઉપર મૂકી અને એને ઉપાડવા માટે અંગ્રેજને કહ્યું પણ એ પેન્સિલ ઉપાડી ન શક્યો. આવી સિદ્ધિઓ તેમની પાસે હતી. કાશી તો સંતોની નગરી છે. ત્યાં મહાન આત્માઓ થઈ ગયા અને થયા કરે છે.

'પ્રજ્ઞારસ માધુરી', પ્ર. આ., પૃ. ૨૨૪ ❑

# (૯) પ્રભુનો પ્રતિનિધિ : પુનિત મહારાજ (૯)

નરહરિ દવે

*(માર્ચ, ૨૦૧૬થી આગળ)*

સંવત ૧૯૪૭ ફાગણ સુદી અગિયારસે સંઘ પગપાળા ડાકોરની યાત્રાએ જવા તૈયાર થયો. એ અરસામાં મણિલાલ સખી (ભક્ત) આવી પહોંચ્યા અને પોતાની પાસે હતી તે ચાંદીની મૂઠવાળી લાકડી પ્રભુની પ્રસાદી તરીકે પુનિત મહારાજને આપી તેમ જ સંઘને-યાત્રાને આશીર્વાદ આપ્યા.

મહારાજે પૂજનવિધિથી પરવારી બહાર આવી કહ્યું કે અહીંથી પહેલાં સારંગપુર રાજા રણછોડરાયના મંદિરે જવાનું છે. લોકોનાં સ્વાગત ઝીલતો ઝીલતો સંઘ આગળ વધતો હતો. લોકો યાત્રિકોની સગવડ સાચવતા અને રાત્રે ભજનના કાર્યક્રમમાં ભાગ લેતા. રાજા રણછોડની જય બોલાવતાં મહારાજનાં રોમાંચ ખડાં થઈ જતાં. રાજા રણછોડનાં ચરણે બેસી મહારાજે આત્મનિવેદન કરી ભગવાનને ખોળે માથું મૂક્યું. રંગેચંગે ડાકોર યાત્રા પૂર્ણ કરી સંઘ અમદાવાદ સુખરૂપ પાછો ફર્યો. ખર્ચ કાઢતાં જે રકમ બચી એ મહારાજે વરાડે પડતી સૌને પાછી આપી દીધી. મહારાજના દરેક કાર્યને અંતે વધતી રકમ માથાદીઠ પાછી દેવાની પરંપરા જાળવી હતી. ખર્ચ ચીવટપૂર્વક થતો અને ખોટી પાઈ ન ખર્ચાય તેની તકેદારી રખાતી. પછી દર વર્ષે પુનિત મહારાજનો સંઘ ડાકોરની યાત્રાએ પગપાળા જવાનો શિરસ્તો પડી ગયો. સંઘમાં જોડાયેલ દરેક વ્યક્તિનો મહારાજ પરિવારનો સભ્ય છે એમ માની દરેકની ભોજન, આરામ, સગવડની કાળજી રાખતા.

સંઘને યાત્રા દરમિયાન રાજા રણછોડજીની કૃપાસહાયના અનેક અનુભવ થતા. કૂવામાં પડી ગયેલ યુવાન હેમખેમ બહાર આવ્યો હતો. મહુધા ગામે રાવસાહેબ ચંદુલાલ ગણપતરામ દેસાઈએ સંઘના ભોજન માટે ૪૦૦ માણસની રસોઈ કરી હતી, પરંતુ મહારાજ સાથે ૭૦૦ માણસ જોડાયા હતા. પુનિત મહારાજે રાવ-બહાદુરને હૈયાધારણ આપી હતી કે ભગવાન ભક્તની આબરૂ જવા દેતો નથી. એ શ્રદ્ધાએ ભોજન સમારંભ આનંદભેર પૂરો થયો હતો.

દીકરી તારાનો લગ્ન પ્રસંગ આવતાં મહારાજે તો બધો ભાર બાપા રણછોડરાયજીને સોંપી દીધો. અમદાવાદના બદલે ધંધુકામાં યજ્ઞ સાથે ભોજન પ્રબંધ કરાયો. રૅશનિંગના જમાનામાં આવા મોટા સમારંભ માટે કેટલાક સુધારાવાદી યુવકોએ વિરોધ કર્યો, કલેકટરને અરજી મોકલી, સભાનું આયોજન કર્યું પણ વિરોધ કરનાર મુખ્ય આગેવાનની વાચા જ હરાઈ ગઈ. કલેકટર કચેરીએ પણ યજ્ઞની સાથે ભક્તો પ્રસાદ લે એમ સ્વીકારી કોઈ પગલાં ભર્યાં નહિ. સંતપુરુષને સતાવવાનું ફળ એ આગેવાનને ભોગવવું પડ્યું.

દીકરી તારાનાં લગ્ન તો રંગેચંગે પતી ગયાં. પેલા વિરોધી ભાઈની વાચા હણાઈ ગઈ હતી. પુનિત મહારાજ બધો હિસાબ

**(અનુસંધાન પૃ. ૨૦ પર)**

## (૧૦) તટસ્થતા, સમતા અને સાક્ષીપણું અને મારા શરીરના રોગો અંગે

શ્રીમોટા

સાધનાપંથમાં વિકાસ થતાં થતાં તેની કોઈક ભૂમિકામાં શ્રેયાર્થીને સૌથી પ્રથમ **'તટસ્થતા'**નો અનુભવ થતો હોય છે.

તટસ્થતા જ્યારે તેના સંપૂર્ણ પરિપક્વપણાની સ્થિતિમાં જીવંતી પ્રગટી ગયેલી હોય છે, ત્યારથી જ શ્રેયાર્થીના જીવનનો ઊર્ધ્વ વિકાસ સતત ચાલ્યા કરવાની સ્થિતિમાં મુકાઈ જતો હોય છે. એવી સક્રિય ચેતનાત્મક તટસ્થતા જો પ્રગટેલી હોય છે, તો કંઈ જ કશામાં તેનાથી ભેળવાઈ જવાનું બનતું નથી. તે કિનારા ઉપર ઊભો રહીને જે તે બધું પસાર થતું નીરખી શકે છે.

તટસ્થતાની સંપૂર્ણ પરિપક્વપણાની ભૂમિકા પછી **'સમતા'**ની ભૂમિકા પ્રાપ્ત થાય છે. સમત્વને તો શ્રીગીતા માતાજીએ યોગ કહેલો છે. આ સમતાની ભૂમિકા સાધકના જીવનમાં જ્યારે પ્રગટે છે ત્યારે એનો યોગ અને શ્રીભગવાનની ભાવનાની ધારણાની સભાનતા (Awareness) સતત, અખંડપણે જીવતીજાગતી પ્રવર્ત્યા કરતી હોય છે.

જીવનમાં સમત્વ પ્રગટે ત્યારે એને કોઈ પ્રકારનું બંધન નથી હોતું. શ્રીભગવાનની સાથેની એના હૃદયની સાંકળ ત્યારે અખંડિત હોય છે અને શાશ્વત પણ હોય છે. બીજાં ગમે તે કર્મોમાં તે પરોવાયેલો હોય તેમ છતાં તે તો સતત શ્રીભગવાનની ધારણાની સભાનતામાં જ હોય છે.

સમતાની આવી ભૂમિકા પછી **'સાક્ષીપણા'**ની ભૂમિકા પ્રગટે છે અને તે ચેતનના સંપૂર્ણ અનુભવની પરિપક્વ ભૂમિકાનું લક્ષણ છે.

શરીર જ્યારે કોઈ પણ રોગથી માંદું હોય ત્યારે તેની સ્વસ્થતા ટકતી નથી.

મારા શરીરમાં કોઈ એકાદ રોગ નથી. માથામાં ઝામર, આંખમાં ખીલ, ચામડીનું દર્દ, લોહીના દબાણની અનિયમિતતા, દમ, મૂત્રપિંડ-પ્રોસ્ટેટગ્લેન્ડ, અનિદ્રા, ગળાનું દર્દ, હરસમસા, કરોડરજ્જુના ત્રણ મણકા વચ્ચેની ગાદી ખસી ગયેલી છે ને જેને કારણે સતત સૂઈ રહેવું પડે ને તેનું દર્દ તો સતત ચાલુ જ રહ્યા કરે-આવાં બધાં દર્દો હોવા છતાં શ્રીપ્રભુ-કૃપાથી શ્રીપ્રભુપ્રીત્યર્થના કર્મયજ્ઞમાં પ્રેમભક્તિ-ભાવે સતત હોમાયા જવાનું થયા કરે છે. એ એની કૃપાપ્રસાદી છે.

શરીર જ્યારે રોગથી પીડાતું હોય છે, ત્યારે મન સંપૂર્ણપણે શરીરમાં વળગેલું રહે છે. **સામાન્ય માનવીનું સમગ્ર જીવન શરીરમાં જ સમાયેલું છે.** તેની સકળ પ્રવૃત્તિના કેંદ્રમાં માત્ર શરીર છે. શરીરની માંદગી જ્યારે વધારે હોય છે ત્યારે મન તેમાં જ એકાકાર થઈ જાય છે.

મારા શરીરને જે આટલા બધા રોગો ને દર્દો મળ્યાં છે તેને હું ભગવાનની કૃપાપ્રસાદી સમજું છું. આ બધાં જ દર્દો ભારે વેદના પ્રગટાવનારાં છે, તેમ છતાં શ્રીભગવાનની કૃપાથી આશ્રમમાં આવતાં બધાં જ લોકો સાથે હસી-ખુશી અને

આનંદથી વાર્તાલાપ થાય છે અને તેમના જીવનના પ્રશ્નોમાં ભાગ લેવાય છે.

આ ઉપરાંત, જે જે કંઈક પરમાર્થનાં કર્મો હાથ ઉપર લેવાયેલાં છે અને તે માટે જે કોઈ દક્ષિણા આપવાનું સ્વીકારે અને તેવું આમંત્રણ જ્યાં જ્યાં મળ્યું હોય તેવાં અનેક ઠેકાણે જવા-આવવાનું શ્રીપ્રભુકૃપાથી બન્યા કરે છે.

એકલું મણકાનું દર્દ જ ભયંકર વેદનાકારી છે. મોટરમાં સૂતાં સૂતાં જવાનું હોય છે તેમ છતાં પણ તેવી મુસાફરી કરીને શરીરનું જે આમ તેમ હાલવાનું, અથડાવાનું બને તેનાથી કરોડરજ્જુનું દર્દ ઘણું વધી જતું હોય છે. આવું હોવા છતાં પણ શ્રીભગવાનની કૃપાથી કોઈ પણ આવો કાર્યક્રમ દર્દને કારણે જતો કરવાનું બન્યું નથી, તે ભગવાનની કૃપા છે.

સતત ઘણા રોગોની વેદનામાં શરીર હોવા છતાં અને તેની વેદનાની સભાનતા હોવા છતાં તેમાં સંપૂર્ણ સાક્ષિત્વ ધરાવી રહેલ છું. મોટાના જીવનનો જીવતોજાગતો આ એક ચેતનાત્મક પ્રયોગ છે. જ્યારે આત્માની શક્તિનો આવા માધ્યમ દ્વારા અનુભવ થતો હોય ત્યારે તેને તો શ્રીભગવાનનો કૃપાપ્રસાદ જ લેખાય. તે વિના શરીરનું ટકવું અશક્ય છે.

જીવનમાં જે સહેવાનું આવ્યું છે, તે સહેવાનું એવી રીતે થયા કર્યું કે જેમાંથી જીવનનો વિકાસ થાય. ઉમળકાથી, પ્રેમભક્તિથી અને જીવન-વિકાસના હેતુની સભાનતાથી સહેવું-એવું સહેવું એ તપશ્ચર્યા છે. એનાથી જીવનવિકાસ માટેનાં ગુણ, ભાવ અને શક્તિ પ્રગટે છે.

'જીવન તપ', પ્ર. આ., પૃ. ૧૬ ❏

**પ્રભુનો પ્રતિનિધિ****(અનુ. પૃ. ૧૮નું ચાલુ)**

પતાવી અમદાવાદ પાછા જવાની તૈયારી કરતા હતા ત્યાં જેની વાચા બંધ થઈ ગઈ હતી એના પિતાજી એ યુવકને લઈને મહારાજ સમક્ષ જઈ માફી માગવા માંડ્યા. મહારાજે કહ્યું કે યુવાનને સમજાવવા અનેક પ્રયત્નો કરાયા હતા છતાં એક પછી એક વિરોધનાં પગલાં નિષ્ફળ જતાં હતાશામાં એ અવાચક થઈ ગયો છે. બાકી પોતાના મનમાં એ યુવક સામે કોઈ રંજ નથી. મારો દીકરો બોલતો થાય એવી આજીજી પિતાએ કરતાં મહારાજે કહ્યું કે તેમની પાસે તો એક જ ઉપાય ભગવાનના નામનો છે. રણછોડરાયનું નામ દઈને પ્રભુનું આ ચરણામૃત યુવકને પિવડાવી દેજો. કાલે સવારે એમની વાચા પાછી આવી ગઈ હશે. મહારાજની આગાહી સાચી પડી. બધો પરચો પ્રભુના નામનો છે અને પોતાનો ક્ષય રોગ પણ ભગવાનના નામથી મટ્યો હતો એવી સમજણ યુવકને અને એના પિતાને આપી. એમાં કોઈ ચમત્કાર જેવું નથી એમ પણ સમજાવ્યા.

'પ્રભુનો પ્રતિનિધિ', બીજી આ., પૃ. ૧૪૬ ❏

'પૂજ્ય શ્રીમોટાની બાયોગ્રાફી'ના કાર્યને યથાશક્તિ વેગ આપવાની ભાવના છે. અમારા સદ્‌ગત પિતાશ્રીએ પૂજ્ય શ્રીમોટાની પૂજા-અર્ચના કરેલ તેના ફોટા આ અંકના ટા. પે.-૨ ઉપર પ્રકાશિત કરીએ છીએ. આગામી અંકથી જે જે સ્વજનો તરફથી પૂજ્ય શ્રીમોટા સાથેના તેમના પ્રસંગો વ્યક્ત કરાશે તેને 'હરિભાવ'માં લેતા રહીશું. **-સં.**

મંગળદાસનાં ધર્મપત્ની પિયર ગયેલાં, તે સમયે નડિયાદ આશ્રમમાં રહેવાની અને બે ટાઈમ જમવાની વ્યવસ્થા શ્રીમોટાએ કરેલી.

આશ્રમમાં સવારે પાંચ વાગ્યે રસોઈ બની જાય. આઠ વાગ્યે મોટાની સૂચના પ્રમાણે મંગળદાસને ટિફિન ભરી આપવામાં આવે. સાંજે પાંચ વાગ્યે આશ્રમવાસીઓ જમી લેતા, પણ મંગળદાસની થાળી તૈયાર રખાતી જે તેઓ સાંજે મજૂર મહાજનની ઑફિસેથી છૂટીને સાઈકલ ઉપર આવી જમી લેતા. તે સમયે મોટા તેમની પાસે બેસતા અને ઑફિસના કામકાજ અંગે અને એમની તબિયત અંગે પૂછપરછ કરતા હતા.

એક દિવસ મોટાએ મંગળદાસને કહ્યું કે, ‘આ બધું હું કંઈ અમસ્તું કરતો નથી. તને મારી પાસે ખેંચવા માટે અને આપણે બન્ને જણા દિલથી સાથે રહી શકીએ તેમ જ મારી આધ્યાત્મિકતાનો તું લાભ લે તેટલા માટે જ તને આ પ્રમાણે આશ્રમમાં રહેવાની અને જમવાની સગવડ કરી આપેલ છે.’ લગભગ છ માસ સુધી આવી રહેવા-જમવાની સગવડ કરી આપી હતી. તે દરમિયાન મંગળદાસને મોટાની નજીક આવવાનું બન્યું તેમ જ એમની વિવિધ શક્તિઓનો પરિચય પણ થવા લાગ્યો.

મંગળદાસ પાછા નડિયાદ રહેવા ગયા ત્યાર બાદ અવારનવાર તેઓ આશ્રમે જતા. ક્યારેક તેમાં વિલંબ થતો ત્યારે મોટા આશ્રમમાં આવનાર સાથે કહેવડાવતા કે ‘પેલાને કહેજો કે મને દર્શન આપવા આવે.’

મંગળદાસ જ્યારે મજૂર મહાજનમાં જોડાયા ત્યારે ન્યુ શૉરોક મિલના કારીગરો અને મિલ મૅનેજમેન્ટ વચ્ચે ઝઘડા ચાલતા હતા. બે આના દંડની રકમ પાછી મેળવવા છેક મુંબઈ હાઈકોર્ટ સુધી મજૂર મહાજનને લડવું પડેલું. મિલમાલિક અને કારીગરો વચ્ચે બગડેલા સંબંધો અંગે મંગળદાસ વિસ્તારથી મોટાને જણાવતા. ત્યારે મોટાની સલાહ હતી કે ‘તારે મિલમાલિક અને કારીગરો-બન્નેને જોડતી પ્રેમયુક્ત સાંકળ બનવાનું છે. મિલમાલિકની વાત સાંભળવી, તે ઉપર વિચાર કરવો, માહિતી એકઠી કરવી, જાતતપાસ કરવી અને જો મિલમાલિકની વાત સાચી લાગે તો કારીગરો અગળ વિનય અને વિવેકપૂર્વક વાત મૂકવાની. સાચો ખ્યાલ આપવાનો. ઉગ્રતા ન આવે અને એકતરફી વલણ ન થઈ જાય તેની કાળજી રાખવાની. મિલમાલિકો પણ સાચા હોઈ શકે. ઉપરાંત, ‘મારી વાત મિલે સાંભળવી જ જોઈએ, કાર્યકર્તા તરીકે મારું કહ્યું મિલે કરવું જ જોઈએ’, એવો અહમ્-એકતરફી વલણ નહિ રાખવાનું. પૂર્વગ્રહ રહિત થવાનું.’

કારીગરોની વાત મિલમાલિક પાસે લઈ જવાની. કડવાશ વગર, પ્રેમથી મિલમાલિક અને તેમના અધિકારીઓ આગળ રજૂઆત કરવાની. તેઓનો માન-મોભો સાચવીને વિનયથી, શાંતિથી વાત કરવાની. તેઓનાં દિલ જીતવાનાં. તેમનામાં વિશ્વાસ પેદા થાય તે પ્રમાણે વર્તવાનું. આ પ્રમાણે કરતાં કરતાં બન્ને વચ્ચે તું પ્રેમયુક્ત સાંકળ બની શકીશ.

મંગળદાસે મોટાની સલાહ પ્રમાણે વર્તન રાખવાથી બન્ને પક્ષો તેમને આદરથી ‘ગુરુ’

તરીકેના માનવાચક ઉપનામથી સંબોધે છે.

કારીગરોને વિશ્વાસ બેસી ગયો છે અને મિલના અધિકારીઓ પણ 'ગુરુ'ના બોલની કદર કરે છે. કારીગરોના પ્રશ્નો સરળતાથી ઉકલે તેમાં મોટાની કૃપા અને આશીર્વાદ કામ કરી રહ્યા છે એમ ગુરુ અવારનવાર કહ્યા કરે છે.

સમાજમાં જેમ તોફાની માણસો હોય છે તેમ કારીગરોમાં પણ એવા લોકો હોવાના જ. મિલમાં અને મહાજનની ઑફિસે આવા માણસો તોફાન કરાવતા. ક્યારે મહાજનના કાર્યકર્તાઓ ઉપર જીવલેણ હુમલો પણ થતો. આવા વખતે મંગળદાસના આર્તનાદે મોટાની મદદ મળતી. મોટા, માર્ગદર્શન આપતા કે, 'મજૂરો-કારીગરોની સાથે કામ કરવામાં કેવા કેવા માણસો સાથે કામ પડે છે તેનો કંઈક ખ્યાલ મને છે ખરો. આવા સમયે હિંમત રાખવી અને ગમે તેવા ગુંડા જેવા સ્વભાવના માનવથી પણ ડરી ના જવું. છાતી કાઢીને વર્તવું. તેની સાથે સાથે મહાજનના સભાસદ સિવાયના બીજા કારીગરોનું પણ કદી બૂરું ઇચ્છવું નહિ. બીજાને ગેરલાભ મળે તેવું કદી પણ ન ઇચ્છવું. પ્રતિનિધિઓને સંતોષ થાય તેમ વર્તવું. **તારી પ્રતિષ્ઠા વધે એ જ મારું ઘરેણું છે.** ગમે તેવી હાલત થાય તોપણ હરિસ્મરણ મૂકવું નહિ. ભગવાન આપનું રક્ષણ કરતો રહેશે તેનો અનુભવ અને લાભ તને જરૂર મળશે. નીતિ, ધર્મ, પ્રમાણિકતા, સચ્ચાઈ અને વફાદારીપૂર્વક કામ કરવાનું. વિપરીત સંજોગોમાં ઈશ્વરનું નામસ્મરણ ખૂબ જ ભાવથી કરવું.'

સને ૧૯૫૮માં વિઘ્નસંતોષી કારીગરોએ મંગળદાસ ઉપર આક્ષેપ મૂક્યો કે તેઓ મિલ-માલિક સાથે ભળી ગયા છે. તેઓ લાંચ-લાલચના ભોગ બન્યા છે. આવા કાર્યકર્તાને મહાજનમાંથી છૂટા કરવા જોઈએ.

મંગળદાસ પોતે નિર્દોષ હતા છતાં આવા આક્ષેપોથી તેઓ હચમચી ગયા. આટલી બધી વફાદારીપૂર્વક મહાજનનું કામ કરવા છતાં આવા જૂઠા પ્રચારથી મનમાં વલોપાત થતો હતો. છેવટે ભગ્ન હૃદયે મોટાને મળવા ગયા. મોટાને પગે લાગી દુઃખી હૃદયે તેમની સામે બેઠા. તેઓ કોઈ પણ વાતની શરૂઆત કરે તે પહેલાં મોટાએ તેમને કહ્યું, 'તું ચિંતા કરીશ નહિ, તું નિર્દોષ છે, તને કોઈ પણ જાતની તકલીફ નહિ પડે.'

મંગળદાસના મનમાં તાજગી આવી. 'મોટા બેઠા છે પછી મારે શાની ચિંતા !' એવા દૃઢ વિચારો સાથે સતત મંત્રજાપ ચાલુ રાખ્યો. થોડાક દિવસોમાં વિરોધનો વંટોળ ચાલ્યો ગયો. પૂજ્ય મોટામાં તેમની શ્રદ્ધા વધારે દૃઢ થતી ગઈ.

ઈ.સ. ૧૯૬૦માં મંગળદાસના જીવનમાં એક વંટોળિયો આવ્યો. તેમનાં ધર્મપત્ની હીરાબાની તબિયત નરમગરમ રહેતી હતી. એક યુવતી તેમના પરિચયમાં આવી અને તેમના તરફ આકર્ષાઈ. મંગળદાસના મનમાં પણ વાસનાનો કીડો સળવળવા લાગ્યો. સંયમની પાળ તૂટવાની તૈયારીમાં હતી. એવા વખતે આશ્રમમાં મોટાને મળવાનું થયું અને પોતે કોઈ વાતચીત શરૂ કરે એ પહેલાં મોટાએ કહ્યું, 'તું ચિંતા કરીશ નહિ, તારું પતન નહિ થવા દઉં. એ બાઈ બહારગામથી આવી છે અને થોડાક દિવસોમાં એ નડિયાદ છોડીને જતી રહેશે અને તને મળવાનું જિંદગીમાં ક્યારેય બનશે નહિ.' મોટાએ મંગળદાસને પતનના માર્ગથી બચાવ્યા. (ક્રમશઃ)

'હસતું મૌન', પ્ર. આ., પૃ. ૯૬ ❑

# (૧૨) શ્રીકૃષ્ણની ગહન લીલા : કુબ્જાનો પ્રસંગ

ભાણદેવજી

...ભગતબાપાએ આગંતુક સત્સંગી મહેમાનને પ્રશ્ન કર્યો, 'પરણેલી છું કે કુંવારી?' ભગતબાપાએ પ્રશ્નમાં સ્ત્રીલિંગી શબ્દનો પ્રયોગ કર્યો એટલે આગંતુકે મૂંઝવણ સાથે જવાબ કર્યો, 'બાપા ! ગૃહસ્થી છું.'

ભગતબાપાએ સ્પષ્ટતા કરી કે 'હું તમારા લગ્ન અંગે નથી પૂછતો. હું તો 'સુરતા'ના લગ્ન અંગે પૂછી રહ્યો છું. વિશેષ સ્પષ્ટતા કરતાં બાપાએ કહ્યું, 'અવધાનયુક્ત ચિત્તની તૈલ ધારાવત્ અખંડ ધારાને સુરતા કહે છે. આ સુરતા જ્યારે આત્મસ્વરૂપમાં જોડાઈ જાય ત્યારે તેને 'સુરતાનું લગ્ન થયું' એમ ગણાય છે.'

જ્યાં સુધી આપણી સુરતા સાંસારિક વિષયોમાં ભટકતી રહે છે, ત્યાં સુધી એ અપરિણીતા ગણાય છે, ત્યાં સુધી તે કુંવારી છે એમ સમજવું.

જતિ-સતીના ભેદ સમજાવતાં ભગતબાપાએ કહ્યું કે જતિ એટલે યોગી. આત્મા જ યોગીરાજ છે. સતી એટલે સુરતા. સુરતા જ્યાં સુધી સાંસારિક વિષયોમાં ભટકતી રહે છે ત્યાં સુધી તે કુલટા ગણાય છે. સુરતા જ્યારે આત્મા ભાવમાં સ્થિર થઈ જાય ત્યારે તે સતી ગણાય છે.

કુબ્જાના સ્વરૂપને સમજવા માટે આવશ્યક અને ઉપયોગી આટલી ભૂમિકા પછી કુબ્જા કોણ છે અને કુબ્જા એટલે શું એ અંગે બાપાએ વિગતે સમજણ આપી.

કુબ્જા શ્રીકૃષ્ણલીલાનું એક પાત્ર છે. કુબ્જા મૂળે તો કંસની દાસી છે-તે કંસ પ્રત્યે અભિમુખ છે, પરંતુ ભગવાનની કૃપાથી એ કુબ્જા શ્રીકૃષ્ણ તરફ વળે છે. કુબ્જાના શરીરમાં ત્રણ વળાંક હતા એટલે એ ત્રિવક્રા પણ કહેવાતી. વળી તે કૂબડી હોવાથી તેને કુબ્જા પણ કહેતા.

ભગવાન શ્રીકૃષ્ણ, બલરામજી તથા ગોપ બાળકો મથુરામાં પ્રવેશે છે ત્યારે રસ્તામાં કંસ માટે ચંદન લઈને જતી કુબ્જાનો મેળાપ થાય છે. ભગવાન પ્રત્યે આકર્ષિત થયેલી કુબ્જા, કંસ માટે તૈયાર કરેલું ચંદન, ભગવાન, શ્રીકૃષ્ણને અર્પણ કરે છે. કંસ માટેની પૂજા હવે શ્રીકૃષ્ણને અર્પિત થાય છે. એ કૃષ્ણની પૂજારણ બને છે.

કુબ્જાની સેવાથી પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણે પોતાનાં ચરણોથી કુબ્જાના પગના બન્ને પંજા દબાવ્યા અને હાથ ઊંચો કરીને બે આંગળીઓ તેની દાઢી પર મૂકી તેના શરીરને થોડો ઝાટકો આપ્યો તેની સાથે જ કુબ્જાનું શરીર સીધું અને સરસ સુંદરીસમું બની ગયું. કંસને બદલે શ્રીકૃષ્ણ તરફ વળવાથી કુબ્જાના શરીરના ત્રણે વળાંક દૂર થઈ ગયા.

માનવીની ચેતના જ્યાં સુધી કંસ અર્થાત્ અવિદ્યાયુક્ત સંસારમાં રત છે, ત્યાં સુધી તે કુબ્જા છે, કૂબડી છે, ત્રિવક્રા છે. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ આ ત્રણ ગુણ જ ચેતનાના ત્રણ વળાંક છે, જ્યારે માનવીની ચેતના ભગવાન તરફ વળે છે, ભગવાનની શરણાગત થાય છે ત્યારે ચેતના સરળ, સુંદર અને સમરસ બની જાય છે. ત્રણે વળાંક-ત્રણ ગુણોથી મુક્ત બની જાય છે.

ભગવાન તરફ વળ્યા પછી પણ કુબ્જા માટે ભગવાન વ્યાસ શ્રીમદ્ ભાગવતમાં તેને માટે 'દુર્ભગા' શબ્દનો પ્રયોગ કરે છે. એ દુર્ભાગિની ભગવાન પાસે પોતાની કામનાઓની પૂર્તિ માટે માગણી કરે છે. એટલે એ આકર્ષણ ભક્તિ કે પ્રેમ નથી પણ આસક્તિ છે. ભગવાન શ્રીકૃષ્ણ 'કૈવલ્યનાથ અને દુષ્પ્રાપ્ય' છે. તેમને પામીને આ દુર્ભાગિની કુબ્જા ભગવાન પાસે કામનાની પૂર્તિની માગણી કરે છે.

સામાન્યતઃ એમ માનવામાં આવે છે કે સંસારના વિષયો તરફથી આસક્તિ જ્યારે ભગવાન તરફ વળે છે ત્યારે તે ભગવદ્ભક્તિ ગણાય છે. પ્રચલિત એવી આ સમજ બરાબર નથી. આસક્તિ ભગવાનમાં હોય તોપણ તે ભક્તિ બનતી નથી.

ભગવદ્ આસક્તિ સ્વકેંદ્રી છે જ્યારે ભગવદ્ભક્તિ ભગવદ્-કેંદ્રી છે. ભગવદ્ભક્તિ પોતાની અહંતૃપ્તિને માટે નથી હોતી. વળી, ભગવદ્ આસક્તિ અહંકારની ક્રિયા છે જ્યારે ભગવદ્- ભક્તિ અહંમુક્તિની ક્રિયા છે. આમ છતાં સંસાર-આસક્તિ કરતાં ભગવદ્-આસક્તિ ઊંચી અવસ્થા છે. જેનું મુખ ભગવાન તરફ થયું, તે ક્યારેક ને ક્યારેક ભગવાનને પામશે. સંસાર-આસક્તિ માનવીને ડુબાડે છે પણ ભગવદ્-આસક્તિ માનવીને સંસારમાંથી વાળીને ભગવાન પ્રત્યે અભિમુખ અવશ્ય કરે છે.

'જનકલ્યાણ, માર્ચ, ૨૦૧૬', પૃ. ૫૪, સાભાર સંકલન ❑

**સુધારો**

એપ્રિલ, ૨૦૧૬ના 'હરિભાવ'ના પૃ. ૨૨ ઉપર ફેની પટેલનો ઈ-મેઈલ આ પ્રમાણે છે.

fennypatel2002@yahoo.com

# (૧૩) ગુજારે જે શિર તારે...

બાલાશંકર કંથારિયા

*(પૂજ્ય શ્રીમોટાને પ્રિય આ ગઝલ જુલાઈ, ૨૦૦૫ના 'હરિભાવ'માં પ્રકાશિત થયેલ, તેનું પુનઃ પ્રકાશન છે. -સંપાદક)*

**ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સહેજે,**
**ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.**

**દુનિયાની જૂઠી વાણી વિશે જો દુઃખ વાસે તો,**
**જરાયે અંતરે આનંદ ના ઓછો થવા દેજે.**

**કચેરીમાંહી કાજીનો નથી હિસાબ કોડીનો,**
**જગત કાજી થઈને તું વહોરી ના પીડા લેજે.**

**જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહિ ભાસે,**
**ન સારા કે નઠારાની જરાયે સંગતે રહેજે.**

**રહેજે શાંતિ, સંતોષે સદાયે નિર્મળે ચિત્તે,**
**દિલે જે દુઃખ કે આનંદ કોઈને નહિ કહેજે.**

**વસે છે ક્રોધ વૈરી ચિત્તમાં તેને તજી દેજે,**
**ઘડી જાયે ભલાઈની મહાલક્ષ્મી ગણી લેજે.**

**રહે ઉન્મત્ત સ્વાનંદે ખરું એ સુખ માની લે,**
**પીએ તો શ્રીપ્રભુજીના પ્રેમનો પ્યાલો ભરી પીજે.**

**કટુ વાણી સુણે જો કોઈની વાણી મીઠી કહેજે,**
**પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે.**

**અરે, પ્રારબ્ધ તો ઘેલું રહે તે દૂર માગે તો,**
**ન માગે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે.**

**રહી નિર્મોહી શાંતિથી રહે એ સુખ મોટું છે,**
**જગત બાજીગરીનાં તું બધાં છલબલ જવા દેજે.**

**પ્રભુનાં નામનાં પુષ્પો પરોવી કાવ્યમાલા તું,**
**પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રીતે દેજે.**

**કવિ રાજા થયો, શી છે પછી પીડા તને કાંઈ ?**
**નિજાનંદે હંમેશાં બાલ મસ્તીમાં મજા લેજે.**

## (૧૪) શ્રીગુરુ માહાત્મ્ય : ઉમા-મહેશ સંવાદ

**શ્રીરણછોડદાસજી મહારાજ**

(૧) 'હે દેવી ! જબ તક દેહ હૈ-કલ્પ કે અંત તક રહને વાલા હો, તબ તક શ્રીગુરુદેવ કા સ્મરણ કરના ચાહિયે. આત્મજ્ઞાન-આત્મ-સાક્ષાત્કાર હોને કે બાદ ભી શિષ્ય કો શ્રીગુરુ-દેવ કી આજ્ઞા કા ઉલ્લંઘન નહીં કરના ચાહિયે.'

(૨) 'જબ તક દશ્યપ્રપંચી વિસ્મૃતિ ન હો જાય તબ તક શ્રીગુરુદેવ કે પાવન ચરણકમલોં કી પૂજા-અર્ચના કરના ચાહિયે. ઐસા કરને-વાલે કો હી કૈવલ્યપદ કી પ્રાપ્તિ હોતી હૈ, ઈસસે ઊલટા કરનેવાલે કો નહીં.'

(૩) 'હે પાર્વતી ! મુનિ, નાગ, દેવતા આદિ કે શાપસે તથા યથાકાલ મૃત્યુ કે ભય સે ભી શ્રીગુરુદેવ શિષ્ય કો બચા લેતે હૈં.'

(૪) 'શ્રીગુરુદેવ કે કૃપાપ્રસાદ સે ખુદ કે ભીતર હી આત્માનંદ પ્રાપ્ત કર કે સમતા ઔર મુક્તિ કે માર્ગ દ્વારા શિષ્ય કો આત્મજ્ઞાન ઉપલબ્ધ હો જાતા હૈ.'

(૫) 'નિત્ય ગુરુદેવ કા ધ્યાન કરને સે જીવ બ્રહ્મમય હો જાતા હૈ. વહ કિસી ભી સ્થાન મેં રહતા હો, ફિર ભી મુક્ત હી હૈ ઈસ મેં કોઈ સંશય નહીં હૈ.'

(૬) 'મનુષ્ય કે લિયે શ્રીગુરુદેવ હી શિવ હૈ, શ્રીગુરુદેવ હી દેવ હૈ, શ્રીગુરુદેવ હી બાન્ધવ-સ્વજન હૈ, શ્રીગુરુદેવ હી અપની આત્મા હૈ, શ્રીગુરુદેવ હી અપના જીવ (જીવન) હૈ. શ્રીગુરુદેવ બિના અન્ય કુછ હૈ હી નહીં.'

(૭) મોક્ષ કી ઈચ્છા રખનેવાલોં કો ખૂબ ગુરુભક્તિ હી કરના ચાહિયે ક્યોંકિ શ્રીગુરુદેવ કે દ્વારા હી મોક્ષ કી પ્રાપ્તિ હોતી હૈ.

(૮) 'શ્રીગુરુદેવ કે દર્શન કરકે, શ્રીગુરુદેવ કે કૃપાપ્રસાદ સે સબ પ્રકાર કે સંગ, આસક્તિ, લગાવ કા ત્યાગ કરકે એકાકી કામનારહિત શાંત હોકર રહના.'

(૯) 'હે દેવી ! કલ્પપર્યંત કરોડો જન્મોં મેં કિયે યજ્ઞ, વ્રત, તપ ઔર શાસ્ત્રોક્ત ક્રિયાએં આદિ સબ શ્રીગુરુદેવ કે સંતોષ માત્ર સે સફલ હોતે હૈં.'

(૧૦) 'જિન મેં ગુરુભક્તિ હોતી હૈ ઉન કી માતા ધન્ય હૈ, ઉનકે પિતા ધન્ય હૈ, ઉસકા ગોત્ર ધન્ય હૈ, ઉનકે વંશમેં જન્મ ધારણ કરનેવાલે ધન્ય હૈ ઔર જહાં ગુરુભક્ત હૈ વહાં કી વસુધા ધન્ય હૈ.'

(૧૧) 'શ્રીગુરુદેવ હી શિષ્ય કે શરીર, ઇંદ્રિયાં, પ્રાણ, ધન, સ્વજન, બંધુ, બાંધવ, માતા કા કુલ, પિતા કા કુલ આદિ સબ હૈ. ઈસ મેં કોઈ સંશય નહીં.'

(૧૨) 'શ્રીગુરુદેવ હી ધર્મ હૈ, શ્રીગુરુદેવ-મેં નિષ્ઠા હી પરમ તપ હૈ, શ્રીગુરુદેવ સે અધિક દૂસરા કુછ હી નહીં હૈ. હે દેવી ! મેં તીન બાર ઐસા કહતા હૂં.'

(૧૩) 'શ્રીગુરુભક્તિ હી સબ સે શ્રેષ્ઠ તીર્થ હૈ, ઔર તીર્થ નિરર્થક હૈ. હે દેવી ! શ્રીગુરુદેવ કે ચરણકમલ હી સર્વ તીર્થમય હૈ.'

(૧૪) 'હે પાર્વતી ! શ્રીગુરુદેવ કો સંતુષ્ટ કરને સે શિષ્ય મુક્ત હો જાતા હૈ. શ્રીગુરુદેવને બતાયે માર્ગ પર ચલને વાલોં કે લિયે શ્રીગુરુદેવ સમાન ઔર કોઈ સાધન નહીં હૈ.'

'શ્રીગુરુદેવ કી સંનિધિ મેં, ભાગ-૭', પ્ર. આ., પૃ. ૨૯૭ ❑

# (૧૫) સ્વધર્મ અને પુનર્જન્મ

**શ્રીઉપાસનીબાબા**

આ મનુષ્યશરીર દ્વારા અઘટિત ઘટના પણ થઈ શકે છે. જ્યારે સર્વ પ્રકારની વાસના તૃપ્ત થાય અથવા વાસના રહે જ નહિ, તો શરીરની જરૂર પડે નહિ. જીવાત્મા શુદ્ધાવસ્થામાં જાય નહિ ત્યાં સુધી જન્મમરણ ચૂકશે નહિ. 'અમારા શરીરનો નાશ થયા પછી અમે વાસના બંધ કરીશું,' એમ કહેશો, તો તેમ થઈ શકતું નથી. કારણ, શરીરની ઉત્પત્તિ થયા પહેલાં વાસનાની ઉત્પત્તિ થાય છે અને તે વાસનાને આધારે શરીર ઉત્પન્ન થયું હોય છે. કોઈ પણ વાસના હોય, તેની તૃપ્તિ માટે શરીરની જરૂર પડે છે, એટલે કે વાસનારહિત થવાની જે વાસના તેને માટે પણ શરીરની જરૂર પડે જ છે અને તે શરીરરૂપી સાધનથી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે નિર્વાસન થવાનો જે ઉપાય કરતો રહે છે, તે જ આગળ યોગી અથવા સત્પુરુષ બને છે. આવો આ ઉપાય કરવા માટે જ શરીરની જરૂર હોય છે, માટે ગીતામાં કહ્યું છે કે,

प्राक् शरीरविमोक्षणात् ।

તમારી જો હમણાં જ વાસનારહિત અવસ્થા થઈ જાય, તો પછી જન્મ નથી. એટલે બધાં શાસ્ત્રોમાં, બધા ધર્મોમાં વાસનારહિત થવાના ઉપાય કહેલા છે. કોઈ પણ પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તતા જ રહે, તો વાસનાના વ્યવહાર કરતા રહીને પણ, તેને વાસનાના દોષો લાગતા નથી અને જન્મમરણથી પણ તે મુક્ત થઈ જશે.

મનુષ્યે જન્મ લીધો એટલે જગતની રીત પ્રમાણે નિરનિરાળી વાસના પણ તેને ઉત્પન્ન થવાની જ અને તે વાસના પ્રમાણે તેને જગવ્યવહાર કરવા જ પડે છે. તેના જ દોષો બાધક થઈ તે હંમેશાં જન્મમરણના ફેરામાં સપડાય છે. જન્મ લેનારને આ બધી રીતે હંમેશનું જ અનિષ્ટ છે. આ બધું ટાળવા માટે ઈશ્વરી સંકેતથી વર્ણાશ્રમને અનુસરીને સ્વધર્મ પાલન કરવાની યોજના કરી રાખેલી છે. જો સ્વધર્મનું પાલન બરોબર કરતા રહીએ, તો વાસનાભર્યો વહેવાર કરવા છતાં પણ તેનો કોઈ પણ પ્રકારે દોષ ન લાગતાં, પ્રારબ્ધરહિત બની જન્મમરણ ટાળવા માટેનું એ જ મુખ્ય અત્યંત મહત્ત્વનું અને બધા કરી શકે તેવું સરળ સાધન છે.

પાટા ઉપરથી આગગાડી ચાલે એટલે તેને કોઈ પણ જાતનો ધક્કો ન પહોંચતાં, તે જેમ ઠેઠ પોતાના ઠેકાણા સુધી સુરક્ષિત જઈ પહોંચે છે, તેવી જ રીતે પ્રત્યેક મનુષ્યનો જગતમાં સુરક્ષિતપણે જન્મ થઈ, આખરે પરમેશ્વરીપદે પહોંચવા માટે પ્રત્યેકને સ્વધર્મપાલન એ જ પાટા પ્રમાણે મુખ્ય સાધન છે. પાટા જો એકાદા ઠેકાણે બગડ્યા તો જેમ ગાડીને જોખમ ઊભું થાય છે, તેવી જ રીતે સ્વધર્મપાલન તરફ જો થોડું પણ દુર્લક્ષ થાય, તો શરીરરૂપી આગગાડીને પણ જુદા જુદાં પ્રકારની દુઃખની બાજુ આવે છે, આ સિદ્ધાંત સમજવો.

કોઈને પણ કોઈ પણ પ્રકારે શારીરિક, માનસિક દુઃખ, સંકટ આવે તો ખાસ સમજવું કે તેના સ્વધર્મપાલનમાં ભૂલ થઈ રહી છે. હાલ વ્યવહારમાં જેને જેને સંકટમાં જુઓ છો, તેની બાબતમાં સ્વધર્મપાલનની તેની ભૂલનું તે પરિણામ એમ નિશ્ચયપૂર્વક સમજવું.

'ઉપાસની વાક્સુધા, ભાગ-૪', પૃ. ૧૪૫-૧૪૬

પ્રેષક : **ગિરીશ જોષી** ❑

આ કન્યા (ગોદાવરી)ને જે આદ્યશક્તિ માનીને રહેશે, તે સર્વ અખંડ સૌભાગ્યયુક્ત રહેશે. સાક્ષાત્ ગંગા ને ગોદા તે જ રૂપે પધારી હોવાથી તેનાં કેવળ દર્શનથી હજારો લોકો પાવન થશે. તેમનાં સો જન્મોનાં પાપો તે ધોઈ નાખશે. સમય જશે તેમ તેનામાં રહેલી વાક્સિદ્ધિ પ્રગટ થશે.

-શ્રીઉપાસનીબાબા

*'શ્રી મા ગોદાવરી'*
*લેખિકા : જ્યોત્સના પટેલ, બી. આ., પૃ. ૩૬*



**HARIBHAV, JUNE - 2016**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017



**સંસારનાં કામકાજની વચ્ચે પણ સાધના માટે સમય કાઢવો જોઈએ. તે દિવસોમાં હું દક્ષિણેશ્વરમાં જ્યારે સવારે ત્રણ વાગ્યે ઊઠીને જપ કરવા બેસતી, ત્યારે કોઈ જ ભાન ન રહેતું. નોબતખાનાના દાદર પર બેસી હું રોજ એક લાખ જપ કરતી હતી.**

**-શ્રી મા શારદાદેવી**

*'શ્રી મા શારદાદેવી', બી. આ., પૃ. ૭૯*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com